ગાય અને હિન્દ.





લેખક અને પ્રકાશક.

જોશી મગનલાલ હરિશંકર વઢવાણકર.

કાલબાદેવી રોડ, ફોકલવાડ ગલ્લી, બાંકા મહોલા સામે શેઠ નાથજી શામજીના માળામાં રૂમ નંબર ૪.-મુંબઇ.

આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૭. સન ૧૯૨૧

કિંમત રૂ. ૦-૪-૦

કાલબાદેવી રોડ ઉપર આવેલા ધી ઇન્ડીયન લક્ષ્મી પ્રીન્ટીંગ વર્કસમાં કેશવલાલ સ્વરૂપચંદ શાહે છાપ્યાં.

પ્રસ્તાવના.

હિન્દનાં ૨૦ કરોડ માણુસો કેવળ ખેતીવાડીના આધારેજ પોતાની આજીવીકા ચલાવેછે. દર વરસે તેવા માંણુસોનો તેમાં ઉમેરો થાતો જાયછે, ખેતીવાડીની ઉન્નતી ગવાદી પશુઓથીજ થાય છે. હાલમાં હિન્દની જમીન છાણુના પૂરતા ખાતરના અભાવે રસકસ વગરની બનતી જાય છે. તેમજ બળદોની સંખ્યા ઘટી જવાથી અને જે બળદો હાલ છે. તે પણુ ઘણે ભાગે નિર્બળ હોવાથી જમીનમાંથી નીચેનો કસ ઉથલાવીને ઉપર લાવી શકાતો નથી, તેથી પાક જોઇએ તેટલો બરાબર ઉતરતો નથી; તેના પરિણામે દિન પ્રતિ દિન દેશની સ્થિતી બગડતી જાય છે. અને ભૂખમરો તથા મોંઘવારી વધતાં જાય છે; તેનાં અનેક કારણો પૈકી મુખ્ય કારણુ ગવાદી પશુઓની સંખ્યા ઘટી ગઇ છે તેજ છે.

આ ટુંકમાં દેખાડેલી દુર્દશા સાધારણુ અથવા જેવી તેવી નથી. તે મટાડવાને ઘટતા ઉપાયો યોજવા એ માત્ર આર્ય પ્રજાનુંજ નહિ. પણુ તમામ પ્રજાનું અને રાજ્ય કર્તાનું કર્તવ્ય છે. પ્રભુ કૃપાએ અને પુર્ણ પ્રયત્ને પશુ પાલન થાય તો ખેતીવાડીની અને આખા દેશની શરીરની, આત્માની અને સામાજીક ઉન્નતિ થતાં કાંઇ વિલંબ લાગે નહિ. પરંતુ પશુપાલન નહિ થવાથી ખેતીવાડીની કેવી સ્થિતી થઇ છે; માણુસો કેવાં નિર્ધન અને ધંધા રોજગાર વગર રખડે છે. ઘી દૂધ વગેરે પોષણુનાં તત્ત્વો પુરતાં કે મુદ્દલ નહિ મલવાથી આયુષ્ય ટુંકાં થયાં છે. મરણુ સંખ્યા વધતી જાય છે,

માત્ર ધર્મ શાસ્ત્રની દ્રષ્ટીથીજ નહિ પણ અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્રની રીતે દેશની સ્થિતીનો વિચાર કરશું તો સ્પષ્ટ સમજાશે કે માત્ર થોડા માણસના માંસાહાર માટે હાલમાં જે પશુવધ થાય છે તેથી સમગ્ર પ્રજાને ભયંકર હાની થાય છે. તેનો એકસંપથી હળીમળીને સત્વર અટકાવ કરવાની જરૂર છે.

આ અટકાવ કરવાને મુંબઇ, હરદ્વાર, નાગપુર, પુના, પોરબંદર, ભાવનગર વગેરે ગૌરક્ષક મંડળીઓ જે પ્રયત્ન કરે છે. તે સ્તુતિપાત્ર છે. કારણ તેમાં આપણી વતમાન અને ભાવિ પ્રજાના અસંખ્ય લાભો સમાયલા છે, ઘણા ભદ્ર પુરૂષોથી આ ભરત ભુમી ભરપુર છે, પણ તેઓ સર્વ જો આવા સુલભ કામમાં લક્ષ પૂર્વક જોડાય, તો દેશમાં સર્વ પ્રકારનાં સુખ અને સંપત્તિ અપાર વધે. એટલા માટે કસાઇની છરીથી પશુઓનો વધ થાતી વખતે તેમને ભોગવવી પડતી અસહ્ય પીડાનો; અને ગુણ ઉપર અવગુણ નહિ કરવા માટે તેમના પ્રત્યેની આપણી ફરજનો તેમજ; તેમની ઉપયોગતાનો સહજ ચિતાર આ લેખમાં આપ્યો છે; તેની વાંચનાર ગૃહસ્થોના મનમાં અસર થાય, અને તેના પરિણાને દિન પ્રતિ દિન તેઓની કતલ ઓછી થાય અને તન મન ને ધનથી ગૌરક્ષણ કરે. તેમજ અનાજ, દુધ, દહીં અને ઘી એ હિંદી પ્રજાનો મુખ્ય ખોરાક છે. હિન્દુ, મુસલમાન, પારસી ખ્રિસ્તી અને યાહુદી વગેરે સર્વ પ્રજાઓને એ પદાર્થોની જીવન પર્યંત જરૂર પડેછે, માટે એ પશુઓના નાશથી જન સમાજના જીવન પદાર્થોનો નાશ થાય છે, તેનો બચાવ કરવા માટે

ગવાદી પશુઓનું રક્ષણ કરવાની કેટલી અગત્ય છે, તેની સમજણ લોકોના મનમાં બરાબર ઉતરે; તેથી પોતાનું હિતાહિત સમજાય; અને તેના પરિણામે ગૌરક્ષણનું બંધારણ થાય, અને તે બંધારણ વડે આપણા શિથીલ વિથીલ થએલ દેશની સ્થિતી સુધરે; અને દેશમાં સુખ શાંતિ તથા આબાદી વધેઃ એ આ લઘુ પુસ્તક લખવાનો મુખ્ય હેતુછે.

જોશી મગનલાલ હરીશંકર વઢવાણકર.

આભારપત્ર.

આ ગાય અને હિન્દ નામનું લઘુ પુસ્તક જન સમાજ વાંચે; અને તેથી પોતાનું હિતાહિત સમજીને તન, મન. અને ધનથી ગૌરક્ષા કરે; એવો આ લેખનો સદ્‌ઉપયોગ થાય એવી પરમાર્થ વૃત્તીથીં–સદ્‌ગુણ સંપન્ન વિદ્યાનુરાગી શ્રીમાન શેઠ દ્વારકાદાસ ગોરધનદાસે તેમનાં સ્વ. પુત્રી મણીબાઇનાં પુણ્યાર્થે આ પુસ્તકની એક હજાર પ્રત પોતાના ખરચે છપાવી પ્રસિદ્ધ કરાવી આપી છે, મને ગૌરક્ષાના વિષયનું જે કાંઈ અલ્પ જ્ઞાન છે, તે જાહેર પ્રજાની સેવામાં પુસ્તકદ્વારા રજુ કરવાની મારી ધારણા તેથી બર આવી છે. માટે શ્રીમંત છતાં નમૃતામાંજ પ્રભુતા ગણનારા, ગાય માતાના ગુણ જાણનારા અને માણસ જાત પ્રત્યેના તેના અપાર ઉપકારની કદર કરનારા તે સુજ્ઞ શ્રીમાનનો હું અંતઃકરણ પૂર્વક આભાર માનુંછું.

જોશી મગનલાલ હરિશંકર વઢવાણકર.

અનુક્રમણિકા.

ॐ

नमः सर्व शक्तिमते जगदीश्वराय.

ગાય અને હિન્દ.

तनोतु सर्वेश्वर उत्तमं बलं,
गवादि रक्षं विविधं दयेरितः;
अशेष विघ्नानि निहत्यनः प्रभुः,
सहायकारी विदधातु गो हितम्.

હે સર્વેશ્વર ઉત્તમ એવું જે બળ તે અમને આપો, જે બળવડે કરીને ગાયો વગેરેની વિવિધ પ્રકારે કરીને રક્ષા કરવાને સમર્થ થઇએ; તેમજ ગવાદી પશુનું રક્ષણ કરવારૂપ ઉત્તમ કાર્યમાં આવતા વિઘ્નોને દૂર કરી ગાય આદી ઉત્પાદક પ્રાણીના રક્ષણના હિતઅર્થે અમને સહાય કરનારા થાઓ.

એક સમય એવો હતો કે આપણો આ આર્યાવર્ત દેશ દુનિયામાંના સર્વ દેશોમાં શ્રેષ્ટ ગણાતો હતો. કારણ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થને મહાન્ ઋષિઓએ આ લોક અને પરલોકમાં સુખ મેળવવાનાં કાર્યના માર્ગરૂપ ઠરાવ્યા છે; તે ચારે માર્ગની બહુ સરળતાથી સિદ્ધી કરાવી આપનાર સર્વ પ્રકારની સંપત્તીની ઉત્પાદક અને માણસને

સર્વ પ્રકારે પોષણ આપનાર મહા અદ્‌ભૂત ચમત્કારવાળી ગાયમાતા અને બળદ વગેરે શીંગડાવાળા પશુઓનું તે સમયમાં રક્ષણ કરવામાં આવતું હતું. તેથી કરીને થોડી મહેનતે માણસ માત્રને પુરતો અને પુષ્ટીકારક ખોરાક સહેલથી અને ચોકખો મળતો હતો. તેથી શરીરને પોષણિક તત્વોનો પુરતો લાભ મળતો હોવાથી તે સમયની પ્રજા કદાવર અને લાંબું જીવન ભોગવનાર, તેમજ મજબૂત બંધારણથી પોતાનું કામ ઉત્સાહથી કરનાર હોવાથી આ ભરતભુમી વિદ્યાકળાથી પોતાના આર્ય પુત્રોને પ્રકાશિત કરતી હતી.

(પૂર્વે ગોરક્ષણનું બંધારણ હતું એ વખતની હિન્દની સ્થીતી).

પૂર્વે પ્રજાની સ્થિતી, હયાતી તથા સુખાકારીની સલામતીનું રક્ષણ કરે તેવા પ્રજાપાળક પ્રતાપી રાજાઓ રાજ્ય કરતા હતા. પ્રજાને પવિત્ર ન્યાય મળતો કારણ તે સમયના ધારા બાંધનારાઓ રાજાના દબાણમાં નહોતા. તેથી તેઓ પ્રજાના હિત માટે સ્વતંત્ર મત આપતા અને રક્ષણ માટે ચર્ચા ચલાવીને દેશકાળને અનુસાર રાજા તથા પ્રજા માટે બંધારણ બાંધતા હતા. અને રાજ્ય કર્ત્તા તે ધોરણ પ્રમાણે અમલ કરતાં હતા. તેમજ પ્રજા તે નિયમોનું દઢતાથી પાલન કરતી હતી. તે સમયમાં પ્રજાને સર્વ પ્રકારે ઉન્નત્તી મેળવવાનું મુળતત્વ, સંપૂર્ણ હિતનું સાધન, સુખના ભંડારરૂપ ગોરણનું બંધારણ મજબુત હતું.

(ગોરક્ષણ બંધારણ તુટયું અને દેશ પાયમાલ થયો.)

અસ્ત અને ઉદય એક સામાન્ય નિયમ છે. તે નિયમાનુંસાર આર્ય પ્રજાની વિનાશ કાળે વિપરીત બુધ્ધિ થઇ, તેથી કાળે કરીને દેશની એકયતાનો નાશ થયો. ધર્મના ભેદો પડવા લાગ્યા તેથી અંદર અદંર દ્વેષ ઉત્પન્ન થયો; અને તેથી કલેશ કુસંપ વધતો ગયો. જેમ જેમ કલેશ કુસંપ વધતો ગયો તેમ તેમ વિદ્યાકળા ગુમાવતા ગયા અને એજ કુંસંપના પરીણામે નિબંળતા જોઇને બહારની પ્રજાઓએ હુમલા કરીને દેશ જીતી લીધો. હિન્દ પરાધિન થયો. અશાંતિ અને અંધાધુંધી વ્યાપી; અને તેમાં આ મહાન્ આર્ય પ્રજા ગૌરક્ષણના ધોરણનું રક્ષણ કરી શકી નહી. છેવટ આ ઉત્તમ બંધારણનું ભાન પણ ભુલી તેનું પરીણામ એ આવ્યું કે દેશ પાયમાલ થઈ ગયો.

અહો! શારીરીક, ધાર્મીક, આર્થીક અને માન સિક સ્થિતી સુધારવાના પ્રબળ સાધન રૂપ અને ભારત ભુમીના શુર, પુર ધન, ધાન્ય, અનેક વિલાસ અને સર્વ મનોર્થોને સિધ્ધ કરી આપનાર ગાય માતાના ગુણોનું પુર્વ કાળની આર્ય પ્રજાને પુરે પુરૂ ઉત્તમ ભાન હતું, અને તેથી નાનાથી મોટા, બાળથી વૃધ્ધ, રંકથી રાય અને નીચથી ઉંચ પર્યંતના સર્વે માણસોની પુજનીક ગાયમાતા ગણાઈ; તેમજ પોતાના પ્રિય પ્રાણથી પણ અધિક રક્ષણ કરવા લાયક જણાઇ હતી; તે સમય આજે કયાં ગયો ? અફસોસ! અફસોસ!

(ગૌરક્ષણ કરવાનાં કારણો અને અવશ્યકતા.)

જગત્ કર્ત્તા પ્રભુએ આ દુનીઆમાં જીવ પ્રાણી માત્રને ઉત્પંન કર્યા તેની સાથેજ તેમના પોષણ માટે યોગ્યતા પ્રમાણે ખોરાકની ગોઠવણ કરી હોય, એમ કેટલાક કારણથી જણાય છે. પ્રભુએ સર્વ પ્રાણીમાં માણસને ઉત્તમ દરજ્જો આપેલ છે. તે દરજ્જાને અનુસરતો ખોરાક અનાજ, ઘી, દુધ વગેરે જે અતી પુષ્ટી કારક અને આરોગ્યતા સાચવી રાખે તેવો ઉત્તમ છે. તે માણસ જાત માટે નિર્માણ કરેલો છે.

હાલમાં આપણા દેશમાં ખોરાકને માટે ગાય બળદ વગેરે પશુઓનો વધ થાય છે; અને તે વધની સંખ્યા ઘણીજ વધી ગઇ છે; પરંતુ દુનિયાદારી તથા રાજ પ્રકરણ રીતે ખરૂં જોતાં એ વધથી રાજા પ્રજાને ઘણી હાની છે. કેમકે હિન્દી પ્રજાનો ખોરાક તદન અનાજ અને ઘી દૂધ ઉપર આધાર રાખે છે. પરંતુ પશુ વધથી તેમની અછત ઘણીજ વધતી ચાલી તેથી તે ચીજોના ભાવ ઘણાજ વધી ગયા છે. અને અછત તથા મોંઘવારીને લીધે તેમાં અનેક તરેહની ભેળસેળ થવાથી તેના પુષ્ટીકારક ગુણો નાશ પામ્યા છે.

અનાજ, દૂધ દહીં માખણ અને ઘી એ માણસ માત્રનાં જીવનનાં સાધનો છે. હિન્દુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી અને યાહુદી વગેરે સર્વ પ્રજાઓને એ પદાર્થોની જીવત પર્યંત જરૂર પડે છે. પરંતુ થોડા માણસના પોતે માની લીધેલા સ્વાદ અને સ્વાર્થ માટે જનસમાજના એ પોષણના પદાર્થો મેળવ-

વાનાં ગવાદ્દી પશુરૂપી સાધનોનો હાલ મોટી સંખ્યામાં વધ ચાલી રહ્યો છે. પરંતુ તેઓને બચાવવામાં માણસ માત્રનું સુખ સમાએલું છે, માટે તેમને મરતાં બચાવવાં તે કંઇ એકલી ધર્મની કે દયાની લાગણીથીજ નહીં, પણ જે પશુંઓ આપણું જીવન વૃક્ષરૂપ છે. તેને કાપીને ખાઇ જવાથી મોટી હાની થઇ છે અને થયે જાય છે. આ પ્રમાણે જો મુળ વૃક્ષનેજ કાપીને ખાઈ જવામાં આવશે, તો પછી ફળની આશા રહેશે નહિ. તેથી આગળ જતાં ભયંકર દુ:ખ ઉત્પંન થશે તેથી સમગ્ર પ્રજાના બચાવને માટે ગૌરક્ષણ કરવાની પારાવાર અવશ્યકતા છે.

ઉત્પાદક પ્રાણીનો વધ ચાલુ રહેવાથી અનાજ વગેરે પોષણિક પદાર્થોની મોંઘવારીનું પરીણામ એ આવ્યું કે બિચારા ગરીબ ગામડીયા ખેડુતો તથા મજુરો જે સવારના છ થી તે સાંજના સાત વાગ્યા સુધી તડકો, ટાઢ અને વરસાદ વગેરેનું મહાકષ્ટ સહન કરી મહેનત કરે છે. તેઓના ઉપર મોંઘવારીની ઘણી માઠી અસર થઈ છે. કારણ કે તે બિચારા મોંઘી પડતી ચીજો લેવાને અશક્ત હોવાથી જુવાર બાજરીના લુખાસુકા રોટલા અથવા રાબડી પીને નિર્વાહ કરે છે; તેથી તે લોકો ભુખના દુ:ખથી નબળા પડે છે. તેનું પરીણામ એ થાય છે કે દેશનું ઉત્પાદક બળ નાશ પામે છે.

હિન્દરૂપી ઘરમાં ગૌવધ રૂપી આગ લાગી છે. તેથી થયેલા ભુખમરા રૂપ આગના ભડકામાં પ્રજા બળી મરી છે;

અને હજુ બળી મરે છે. માટે આ ભયંકર આગ જો જલદી નહિ બુઝાવાય તો તે ઘરમાં રહેનાર સર્વ પ્રજા નાશ પામશે. માણસ જાતનો નાશ કરનારી આગ બનતી મહેનતથી બુઝાવવી એ દરેક માણસ માત્રની ફરજ છે.

હિન્દ રૂપી એક વહાણમાં સર્વ હિન્દી પ્રજા સાથે બેઠેલી છે, એ વહાણને તળીએ ગોવધ રૂપી મોટું ગાબડું પડ્યું છે. તેથી વહાણ ડુબવાના સંજોગો વધતા જાય છે; માટે તેમાં બેઠેલી સમગ્ર પ્રજાએ હળી મળીને બનતી ત્વરાએ સર્વના બચાવને માટે વહાણને તરતું રાખવાની જરૂર છે.

હિન્દ રૂપી એક માણસને ગોવધ રૂપી ક્ષય રોગ લાગુ પડયો છે. તેની અત્યારે કષ્ટ સાધ્ય અવસ્થા છે. આ રોગ માટે હવે તરત સાવધ બની ગોરક્ષા રૂપી ઔષધીથી તેને તરત મટાડવાની જરૂર છે. બે દરકારીથી રોગ અસાધ્ય થઇ જશે તો તેનું પરીણામ મોત સિવાય બીજું કાંઇ નથી.

મને પ્રથમ મળેલી ખબર પ્રમાણે વાંદરામાં દર વરસે લગભગ ૧૦૫૭૩ બળદનો વધ થાય છે એ હિસાબે આખા હિન્દુસ્થાનમાં ૧૫૭૦૯૫ ને આશરે બળદનો વધ થતો હોય એમ અનુમાન થાય છે. તો તે વધથી ૧૨, ૫૬. ૭૬૦ એકર જમીનની ખેતી બંધ પડવાનો સંભવ છે કેમકે દર એક બળદની જોડીથી ૧૬ એકર જમીનની ખેતી થઇ શકે તો આ ગણત્રી મધ્ય ભાગની છે. તે ખેતી બંધ પડવાથી ૩ ૧૪

૧૯૦૮૦ મણ અનાજનો નાશ થાય છે. એટલો પાક બચે તો ૨૩ ૨૭ ૩૩૩ માણસના બાર માસનો ખોરાક થાય છે. મતલબ ઉપર લખેલા બળદ બચેતો એટલા માણસનું બાર માસ સુધી સુખેથી પોષણ થાય એટલું અનાજ પાકે.

બીજી તરફ જોતાં દર વરસે ૭૫૦૦૦ માણસની સંખ્યા વધતી જાય છે. તો તે માણસોના પોષણ માટે દર વરસે ૧૦ ૧૨ ૫૦૦ મણ અનાજનો પાક વધારવો જોઈએ તેને બદલે ઓગણત્રીશ ગણી અનાજની ખાધ લાગે છે. તેથી અછત ને લીધે મોંઘવારી થવાથી બિચારા ગરીબ ગામડીયા ભુખના દુઃખથી ભીખ માગવા છતાં પણ કુતરાને મોતે મરે છે. બંધુઓ તે જોઇ તમને ત્રાસ નથી થતો? ભોજ પ્રબંધમાં આવી સ્થિતી વિષે કહ્યું છે કે

तुल्य जाति वयो रुपान हृतान पश्यति मृत्युना;
न हि तत्रास्ति ते त्रासो, वज्रवत् हृदयं तव.

અર્થાત્—તમારા જેવી જાતના, વયના અને રૂપવાળા મનુષ્યને મરતાં તમારી નજરે જુઓ છો. તે છતાં તમારા વજર (લોઢા) જેવા દીલમાં ત્રાસ કેમ નથી થતો ?

હિન્દુસ્થાનની સ્થિતી હયાતીનો ખરો આધાર જમીનમાંથી ઉત્પંન થતા પાક ઉપર છે. અને તે પાકનો આધાર વરસાદ અને બળદ ઉપર છે. તે સિવાય કશો આધાર નથી. આ દેશની હવા તથા જુદી જુદી જાતની જમીનની ખેતીને

ઉપયોગી આવે એવુ' પ્રાણી બળદ સિવાય બીજું કોઇ નથી આ જગ્યાએ કોઇ સ્વાલ ઉઠાવે કે ખેતીને માટે વરાળથી ચાલતાં યંત્રો ઘણાં સરસ થયાં છે તો તેના જવાબમાં ગરીબ ખેડુતો પૈસા વિના યંત્રો ખરીદશે કયાંથી ? વળી યંત્ર હમેશાં બાંધી હદમાં કામ કરી શકે છે વળી એક જગોએથી બીજી જગોએ લઇ જવામાં બળદની જરૂર પડે છે. અને યંત્ર હંમેશાં પોતાના નિયમિત કામ સિવાય બીજા કામમાં ન આવતાં નકામાં પડયાં રહે છે; તેથી તેને ખરીદવા ખરચેલી મુડીમાં વ્યાજ ખાધ લાગે છે. અર્થ શાસ્ત્રના નિયમ પ્રમાણે મુડી તથા ઉત્પાદક બળનુ' રક્ષણ કરવામાં આવે તોજ દેશ આબાદ થાય.

બળદતો ખેતી કરે છે. કુવામાંથી પાણી કાઢે છે. રેતાળ, ડુંગરી અગર કીચડ વાળી જમીનમાં પણ માલનુ' અને માણસનું ગાડુ' લઇ જાય છે. એટલુંજ નહિ પણ પોતે ખાધેલા પદાર્થોનુ' આપણને ખાતર બનાવી આપે છે. આથી એમ સિધ્ધ થાય છે કે આપણા દેશને માટે બળદની અવેજીમાં ઉપયોગમાં આવે એવુ' કોઇપણ પ્રાણી કે પદાર્થ નથી.

આ દેશની જાહો જલાલી જમીનમાંથી બળદની સહાયતા વડે થતા પાક ઉપર આધાર રાખે છે. જેમ વિલાયતના લોકો વિધાકળા ઉપર આધાર રાખે છે. તેમ આ દેશ જમીનમાંથી થતા પાક ઉપર આધાર રાખે છે.

વાંદરામાં બળદની પેઠે ગાયોનો પણ વધ થાય છે. તેની સંખ્યા ૧૧ ૩ ૧૩ મારી પ્રથમની જાણ પ્રમાણે લગભગ થાય છે. એ હિસાબે આખા હિન્દુસ્થાનમાં એકંદર ૧ ૬૮ ૬ ૯૫ ને આશરે ગાયોનો વધ થાતો હોય એમ અનુમાન થાય છે.

જો એક ગાયનું સરાસરી હિસાબે દરરોજ બે ટંકનું નવ શેર દૂધ ગણીએ તો બાર માસનું એકાશી મણ દૂધ થાય. તેમાંથી પણ એક મણ નાશ ખાતે ગણતાં નક્કી એંશી મણ દૂધ ગણવામાં આવે તો ઉપર બતાવેલ ગાયોનું એકંદર ૧ ૩૪ ૮૫ ૬૦૦ મણ દૂધ નાશ પામે છે. જો તે બચે તો દર એક માણસને દરરોજ બે ટંકનું પાંચ શેર લેખે પુરતે ખોરાકે, એક વરસના ખોરાક માટે ૪૫ મણ દૂધ જોઇએ; એ હિસાબે ઉપર બતાવેલ દૂધથી સામટી રીતે ગણતાં ૨ ૯૯ ૦ ૧૩ માણસનું બાર માસ સુધી માત્ર દૂધના ખોરાકથી સુખેથી પોષણ થાય. તો દરેક ગાયનું સરાસરી વિયાજણ છ વખતનું ગણતાં કેટલાં માણસનું પોષણ થાય તે વિચાર કરી લો.

ગાય બળદની પેઠે વાંદરામાં ભેંશનો પણ વધ થાય છે. તેની સંખ્યા ૨૩ ૯૦૦ એ હિસાબે આખા હિન્દુસ્થાનમાં ૨૬ ૨ ૯૦ ને આશરે વધ થતો હોય એમ અનુમાન થાય છે. તો દરેક ભેંસનું દર રોજનું દૂધ ૨૦ શેર લેખે ગણતાં એકંદર બાર માસનું ૪૭ ૩૨ ૨૦૦ મણ દૂધ થાય તો દર

એક મણ દૂધમાંથી પાંચશેર લેખે ઘી ગણતાં ૫૯૧૫૨૫ મણ ઘી થાય. તે ઘીથી દરરોજ એક માણસને બે ટંકનું પાંચ રૂપીઆ ભાર લેખે ગણીએ તો એકંદર રીતે ગણતાં ૫૨૫ ૮૦૦ માણસને બાર મહિનાના ખોરાકને માટે પુરૂં પડે.

ગવાદી પશુઓનો વધ હજુ પણ ચાલુ છે. તેનું પરિણામ યાદ આવતાં મારો આત્મા કંપે છે. એથી મને એવી વ્યથા થાય છે કે ૫ થી ૭ કરોડ માણસો તો નીરૂદ્યમી થઇ જવાથી ભીખ માગવા છતાં ભુખે મરે છે. ત્યારે હવે વધ ચાલુજ રહે, તે સિવાય ગાયો પરદેશમાં લઇ જાય, અને ગોચર જમીનની તંગી, પશુઓની મોંઘવારી એટલે ગરીબોને ગાયો પાળવાની મુશ્કેલી. આ પ્રમાણે દરેક દિશામાં ગવાદી પશુઓનો સતત્ ક્ષય થયે જાય તો પછી હિન્દી પ્રજાની પોષણ માટે આગળ જતાં કેવી ભયંકર સ્થિતી ઉભી થશે ?

બંધુઓ આ પ્રમાણે ભવિષ્યની સ્થિતીનું ચિત્ર યાદ કરી જોતાં કયા સુજ્ઞ મનુષ્યનું હૃદય ખેદ યુકત નહિ થાય ? જીવન પદાર્થોના ઉત્પાદક પ્રાણીઓના રક્ષણના અનાદરથી પછી પ્રજાને ખોરાક મળવો બિલકુલ બંધ થઇ જશે. અને તેથી છેવટ દેશ પાયમાલ થઈ જાય ત્યારે રાજકર્ત્તા પરદેશી હોવાથી પોતાને અસલ વતન વહ્યા જાય; તો પછી એ વખતે આપણી શી ગતી થાય ? આ બાબત બહુ વિચારવા જેવી છે.

આ સર્વે બાબત ધ્યાનમાં લેવાથી એમ સિધ્ધ થાય છે. કે હિન્દુસ્તાનના સર્વ રહેવાશીઓને ગૌવધથી ખોરાકને માટે ખમવું પડે તેમ છે. કારણ માંસાહારીને પણ ઘી, દૂધ ને અનાજ વિના ચાલતું નથી ; ત્યારે આવા ઉપયોગી પ્રાણીઓને માટે અજ્ઞાનતાથી અથવા સમજ ફેર કે ધર્મ ભેદથી તેનો ઉપકાર ન માનતાં અનાદરથી વધ કરવો અથવા વધ કરનારને કોઇ પણ પ્રકારની મદદ કરવી એ તમામ મજહબ પ્રમાણે ગુન્હો થાય છે. કારણ કે તે પ્રાણી હમેશાં સર્વેને વિષે સમાન ભાવ રાખે છે. પછી ગમેતો રક્ષક હો, અગર ભક્ષક હો, પણ કોઇના વિષે ભેદા ભેદ ન રાખતાં પોતાનો ધર્મ બજાવે છે. માટે તેનું રક્ષણ કરવાની સર્વે પ્રજાની સરખી ફરજ છે.

ગાય પશુરૂપ છતાં હિન્દુઓ તેને માતા કહેછે તેનાં કારણો.

ગાય માતા કે જે દૂધ રૂપી અમૃતનો સમુદ્ર છે. જે અવિચળ સુખદાતા છે. જે તૃણ સરખી તુચ્છ વસ્તુ ખાઇને માણસનું પોષણ અને રક્ષણ કરે છે. જેને શત્રુ કે મિત્રમાં જુદાઇ નથી અને સઘળો સંસાર સમાંન છે. અપકાર શી ચીજ હશે તે જે જાણતી નથી. અને જે દરેક હિન્દીવાનને કાંઇ પણ ભેદ કે પક્ષપાત વિના જન્મ વખતે ગળથુથી થી શરૂ કરી મરણ પર્યંત દુધ, દહી, માખણ, ઘી અન્ન, અને વસ્ત્ર ઈત્યાદીથી પોષણ કરી સર્વ પ્રકારનાં સુખ આપે છે; એટલુંજ નહિ પણ મુઆ પછી પરમાત્માની હજુરમાં જઇએ તે વખતે

અનંત કાળનું સુખ મળે તેવાં સાધન પણ અહીં પુરાં પાડે છે. અને જે છેવટ પોતે મરતાં, પોતાની ઓલાદને જન સમાજનું પોષણ કરવાનો વારસો સોંપી, પોતાના હાડકાં અને ચામડાં પણ માણસોના સુખ માટે મુકી જાય છે. એવી જે જન્મથી મરણ પર્યંત જન સમાજને અનેક પ્રકારે બચાવ અને પોષણ આપી જીંદગી નિભાવી નિરંતર મહાન્ ઉપકાર કરનાર ગાય માતાના વિષે સર્વ પ્રાણી કરતાં, તેમજ આપણને જન્મ આપનાર માતા કરતાં પણ પોષણ કરવાના અધિક ગુણ, પૂર્વકાળના આર્ય મહાત્માઓએ જોયા અને જાણ્યા. વળી તેનાથી ઘી દુધ વગેરે અને તેના પુત્ર બળદ વડે ખેતીથી અનાજ ઉત્પંન થાયછે; અને તે બધા ખોરાકથી વિર્ય ઉત્પન્ન થાય છે; તેથી માણુસની ઉત્પ-તી પણ ગાય માતા થકીજ જોવામાં આવી. તે બાબત નિતી અને ન્યાયની દ્રષ્ટીએ લક્ષપૂર્વક વિચાર્યું; ત્યારે તેમને ગાય માતા પ્રત્યે માતા સમાન પ્રેમ અને પુજય ભાવ ઉત્પંન થયો. અને એવી માતા સમાન ભાવના ઉત્પંન થવાથી તે ન્યાય પરાયણ બુધ્ધિમાનોએ તેને માતાની પદવી આપી. અને તેનું માતા સમાન રક્ષણ કરી સેવા કરવાની આજ્ઞાઓ ધર્મ ગ્રંથોમાં જાહેર કરી. તેથી સર્વ જન સમાજે પણ તેને માતા સમાન ગણીને પૂજય ભાવથી સેવા કરવી શરૂ કરી તેનું રક્ષણ કરવાનું બંધારણ બાંધ્યું

આપણને જન્મ આપનાર માતા તો માત્ર બે વરસ દુધનું

પોષણ આપે છે. અને માણસનું આયુષ્ય તો સો .વરસનું ગણાય છે તો બાકીનાં અઠ્ઠાણું વરસ સુધી પોષણને માટે દુધની જરૂર છે; તો તેને માટે કુદરતી નિયમ પ્રમાણે આપણું પોષણ કરનાર ગાય માતા છે. હવે બે વરસ પોષણ કરનારી માતાને જો કોઇ અપ શબ્દ બોલે તો તે વખતે કેટલો ક્રોધ આવી જાય છે. ત્યારે તેના પ્રમાણમાં અઠ્ઠાણું વરસ પોષણ કરનારી ગાય માતાના ગળા ઉપર ખાટકી લોકોને છુરા ફેરવતા જોઈને મુંગા બેશી રહો છો તેના જેવું દુષ્ટ પણું બીજું કયું?

મા બાપ ભરણ પોષણ કરે છે. માટે પુજય ગણાય છે. તેમની સેવા ન કરે તે પુત્ર નર્કે જાય. ત્યારે ગાય માતા કાંઇ પણ બદલો લેવાની સ્વાર્થની ભાવના રહીત જન્મથી મરણ પર્યંત પાલણ પોષણ કરે છે; તેથી તેમનો અધીકાર પણ માતા સમાન છે.

ગાય રૂપી મહાન ઉપકારી પ્રાણીનો ઘટીત ઉપયોગ કરવાની ફરજ.

જગંત્ નિયંતા ઇશ્વરે ગાય જેવું મહાન્ ઉપકારી પ્રાણી માણસ જાતના સુખ માટે સરજયું છે. તેણે આપણને આપેલી આવી અપાર સહાયક જીવનાધાર બક્ષીસ માટે આપણે નિરંતર ઉપકાર માનવો જોઇએ. પરંતુ આ બક્ષીસ તેના ઘટીત ઉપયોગ માટેજ આપી છે. દરેક પ્રાણી પદાર્થનો ઘટીત

ઉપયોગ કરવા માટે માણુસ જાતને વિચાર શકિત આપી છે. તે શકિત વડે વિચારવાથી સ્પષ્ટ સમજાય છે કે એક વૃક્ષને કાપીને ખાઇ જવાથી તેના ફળથી મળતું કાયમનું પોષણ ગુમાવી દેવાય છે. પરમાત્માએ જેમ બાળકના જન્મ પહેલાંજ માતાના શરીરમાં તેના નિભાવને માટે દુધની યોજના કરી રાખી હોય છે તેમજ માણુસ જાતની ઉત્પત્તી પહેલાંજ ગાયને ઉત્પંન કરી તેના થકી માણુસ માત્રના કાયમના નિભાવ માટે ઘી, દુધ અને અનાજ વગેરે પોષણ પદાર્થો મેળવવાની ગોઠવણુ કરી રાખેલી છે. તો આ બક્ષીસનો ઘટીત ઉપયોગ કરી તેના પેદા કરનારના હેતુ અને કાર્યમાં ખલલ પહોંચાડવી એ ભંયકર ગુન્હો છે.

ગાય માતાના ઉપયોગનો ખરે ખરો મહિમા પૂર્વકાળના આર્ય મહાત્માઓએ જાણ્યો હતો તેવો અત્યારે કોઇએ જાણ્યો નથી ને જાણુશે પણુ નહિ.

ભગવાન પ્રજાપતીએ વેદમાં ગાય માતાનાં ગુણનું વર્ણન કર્યું છે. તે રહસ્ય પહેલાંની પ્રજાએ સંપૂર્ણ લક્ષમાં રાખીને ગાય માતાને પોતાની અતી ઉત્તમમાં ઉત્તમ સંપત્તી તરીકે ગણીને, ફળ સિદ્ધી માટે તેની ઉત્તમ પ્રકારે સેવા કરીને તેનાથી નાના પ્રકારનાં સુખો મેળવ્યાં હતાં. તે સમયના સત્ય શોધનાર ઋષિઓએ ગાય માતાની કૃતી અને ગુણ જે

જોઈયા તે સત્ય શોધક તેમજ બુધ્ધિને સત્યને માર્ગે દોરી જનાર મહાત્માઓની કૃતીનો ઉત્તમ દાખલો અવલોકન કરવાને આથી બીજો કોઇ ઉત્તમ સિધ્ધાંત આપણને મળનાર નથી.

હમેશાં સત્ય શોધવું અને તેજ માર્ગે ચાલવું એ જેમનો મુખ્ય નિત્ય નૈમિતિક નિયમ હતો; એવા ઋષિ મુનીઓએ ઉપરની યથાર્થતા જે બુધ્ધિ વડે નિશ્ચય કરી છે; તે અલૌકિક છે! અવધી છે! તેમની બુધ્ધિ ચતુરાઇને ધન્ય છે.

એવું દેશ, રાજ્ય, કળા કૌશલ્ય અને ધર્મ વિચાર સબંધી સર્વ પ્રકારનું માનસિક અને નિશ્ચયાત્મક બુધ્ધિ ચૈતન્ય જ્ઞાન જે મહાન્ઋષિઓમાં પરીપકવ રીતે સંપૂણ વ્યાપ્ત હતું; તે પુણ્યાત્માને ધન્ય છે:

એ પ્રમાણે ગાય માતાનો સંપૂર્ણ મહિમા આર્ય પ્રજા જાણુતી હતી. જેમાં પાસે વિશેષ ગાયો તેજ શ્રીમાન્ અને તેજ સર્વ માનનિય ગૃહસ્થ ગણાતા હતા. અને ગાયમાતાનું રક્ષણ કરી દીર્ઘ સુખ સંપત્તી આપત્તી રહીત થઇ ભોગવતા હતા! અને ગાયમાતાની અદ્ભુત ને અપાર શકિતની મદદથી થોડી મહેનતે સર્વ પ્રકારની ઇચ્છિત વસ્તુઓ મેળવતા જેથી તેઓ પોતાના પોષણ માટે પ્રપંચી કામની નાશવાન ઉપાધીમાં વિશેષ લક્ષ નહિ આપતાં આ જગત્‌ના ઇશ્વરી નિયમો (વિશ્વ નિયમો) અને તત્વ જ્ઞાન તરફ વિશેષ લક્ષ આપી અખંડ આનંદ મેળવતા હતા

અહો ! જે મહાન્ પ્રજાના પૂર્વજો ઉત્તમ સુખ આપી ઇચ્છિત્ ફળ અને કામનાઓ પરીપૂર્ણ કરનાર ગાય માતાનું રક્ષણ કરીને આનંદ સાથે અતી ઉત્તમ શકિત મેળવી જગતમાં ભવ્ય માન અને અપાર કિર્તી મેળવી ગયા છે. તે પ્રજાના પુત્રો આજે ગાય માતાના સંહારથી બળેલા જળેલા, ભુખના દુઃખથી પીડાતા લોહી માંસ વિના સુકાઇ ગએલા અને અલ્પ વિર્ય, અલ્પ બુધ્ધિ, અલ્પ આયુષ્ય અને અલ્પ શરીર બળ વાળા, કેવળ હાડ પિંજરના ખોખા રૂપ થઇ ગએલા, બોલવાની પણ શકિત રહીત થયેલા; શારીરિક અને માનસિક દુઃખોથી પીડાતા, પોતાના નિયમથી અને ઉત્તમ પદથી ખશીને દુઃખ સાગરમાં ડુબકાં મારતા, બેહાલ, કંગાલ સ્થિતીમાં પડયા છે.

હે કૃપાનિધાન્ પરમાત્મા અમે કંગાલ રવડતા પરાધિન પડેલા, જ્ઞાન વગરના, ભુખે મરતા માણસોની દયા લાવી, કૃપા દ્રષ્ટી કરી, અમને ડુબતાં હાથ પકડો. હે પ્રભુ તમારા અંગ પ્રદેશને જરાક ફેરવી અમને અમારી અસલની સ્થિતીમાં મુકો કે જેથી અમો ગૌરક્ષા વગેરેનાં ઉત્તમ બંધારણો બાંધી તેના આધારે સુખ મેળવીએ.

ગાય માતાના જન સમાજ પ્રત્યે ઉપકાર.

ગાય માતા જન્મીને થોડીજ મુદતમાં, વાછરડીની હાલતમાં થોડુંજ દુધપાન કરીને ઘાસ ખાતાં શીખે છે. એટલે પોતે થોડું દુધ પીને પોતાના ભાગનું દુધ માણસોને ખાવા

આપે છે. વળી એમ કરતાં પછી વગડાનું ઘાસ ખાઇને પોતાનું પોષણ કરી, પોતાની માતાનું બધું દુધ માણસોને આપે છે. ઘાસ પણ વગડામાં જઇને ખાઇ આવે, એટલે ઘેર ઘાસ ઉથકી લાવવાની મહેનતથી બચાવે. ત્યારે ખાવાનું તો ખાઇ આવે; પાણી કોણ પાય? તે ધણીએ પાવું પડતું હશે? ના ના એવી શંકા પણ એ પરોપકારી પ્રાણી પ્રત્યે કરશોમાં પાણી પણ નદી. નાળું, હોય ત્યાં અથવા કુવાના અવાડામાં અથવા તે પણ ન હોય તો કયાંઇ ગંધાતા કાદવવાળા નાનકડા ખાબોચીઆમાંથી પી આવે; પણ પોતે તરશી આવી, જેનું પોતે પાલણ કરે છે, તેને મહેનત ન આપે. વાહ. પરોપકાર! અહો ધન્ય છે તને ગાયમાતા, પશુ શરીરે છતાં આવો પરોપકાર! ખરો પરોપકાર પણ એજ છે કે જે કાંઇ પણ અર્થની આશા વિના કેવળ નિષ્કામતા વડે થાય છે; સજજનો પરોપકાર કરવાની ખરી રીતી ગાયમાતા પાસેથી શીખો. વગડાનાં સુંકા લુખાં ઘાસ ખાઇ, કોહેલું. સડેલું પાણી પીને એવા શા પદાર્થો આપતી હશે? કે જેના માટે આર્ય મહર્ષિઓ તેના ઉપર ફીદા ફીદા થઈ ગયા છે? સમજુ હો તો અંતઃકરણમાં ઉંડા ઉતરી પડજો. અમૃત સમાન દૂધ, દહીં, માંખણ અને ઘી જે વસ્તુઓને મોટા મોટા વૈદ્ય શાસ્ત્રીઓએ આયુષ્યની સંજ્ઞા આપેલી છે. સમજવાનું એ કે ઘી દૂધ એજ આયુષ્ય છે. જુઓ આ સુકા ઘાસ અને બગડેલા પાણીની બલીહારી. એવી સત્વ વિનાની રોગકારક વસ્તુઓમાંથી સત્વ

કાઢી, રોગ માત્રને મારી કાઢી, આયુષ્ય અને આરોગ્યતાના વૃધ્ધીકારક પદાર્થો કરી આપ્યા. વાહરે સુવર્ણનાં ઇંડાં મુકનાર રાજહંસ! એટલાજ ગુણ નહિ પણ જેનાં નામ આપે પાર ન આવે એવા તરેહ તરેહના પકવાન અને ટુંકામાં કહીએ તો જગત્‌માં જે જે ગુણો છે તે એનાજ છે. આ વાત સઘળા દેશ બંધુઓને અને આખી દુનિયામાં ન્યાયના માર્ગમાં ચાલનાર જે જે માણસો હોય, તે સર્વને જણાવવી જોઇએ; તોજ ગૌરક્ષા માટેની ધારણા સુફળ થાય.

વળી અનાજ ઉત્પંન કરનાર કોણ છે? એજ માઇના પુત્ર બળદ. જમીન ખેડયા વિના અનાજ કેમ પાકે, કેમ વાવેતર થાય, કેમ કણસલામાંનું અનાજ પીલાય અને કોણ ખેતરમાંથી ઘેર તાણી લાવે–કદી કોઇ કહેશે કે વરસાદ આવે છે ત્યારે બળદ કરે છે કે ના, હા એ વાત તો ઠીક, તેનાવિના તો સર્વ સુનું છે. પણ વિચાર કરો કે વખતે મેઘ રાજાએ કૃપા નહિ કરી તો કુવામાંથી પાણી ખેંચી કાઢી મરતા માણસોના જીવોનું કોણ રક્ષણ કરે છે? શો ઉત્તર આપશો? ઉત્તરમાં બળદજ. પણ જમીનમાંથી કસ નીકળી જાય તો બળદ, ગાય શું કરે? અરે તે કામ પણ તેજ કરે છે. પોતાનાં છાંણ મુત્ર આપી સત્વ રહીત થએલી જમીનને સત્વમય કરી નાખે. ત્યારે આ બળવાન અને અદ્‌ભૂત શકિતવાળા બળદ કોણ માયના પુત્ર?

ગાય માતાનાજ પુત્ર. હિન્દના લોકોનો આધાર ખેતી ઉપરજ છે. તે ખેતીવાડીનો ચલાવનાર બળદ પણ આ જનનીનોજ પુત્ર છે.

આગળ શંકા કરી હતી કે વરસાદ ન આવે તો બળદ શું કરે? તે શંકાનું યથાર્થ નિરાકરણ કરીએ તો વરસાદ લાવવાની શક્તિ પણ ગાય માતામાંજ છે. યજ્ઞ કરવાથી વરસાદ થાય છે. તે યજ્ઞમાં ઘી તલ અને જવની આહુતી અપાય છે. તેથી ધુમ્ર થાય છે. તે ધુમ્ર આકાશમાં જઈ વાદળાંના પાણીને ગરમ કરી નિચે પૃથ્વી ઉપર વરસાવે છે. પ્રથમના સમયમાં હમણાંના જેવાં દુકાળનાં દુઃખો પ્રજાને વેઠવાં પડતાં નહિ કારણ કે યજ્ઞો હમેશાં ચાલુ રહેતા હોવાથી વરસાદ જોઇએ તે પ્રમાણે થતો હતો. તેથી ધન ધાન્ય પણ જોઈએ તેટલાં ઉત્પન્ન થતાં. આ સર્વ લીલા કોની? ગાય માતાનીજ. માણસોને ખાવાને અન્ન આપ્યું, પીવાને જળ આપ્યું, અમૃત પીવાની ઇચ્છાવાળાને મૃત્યુ લોકનું અમૃત દૂધ આપ્યું. પકવાન આપ્યા, દહીં વગેરેથી શરીરની પુષ્ટતા આપી, દૂધના સેવનથી સાત્વીક બુધ્ધિ આપી અને ટુંકામાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ મેળવવાના કામમાં અપાર સહાય કરી, આ લોક અને પરલોકનાં અનંતકાળનાં સુખો માણસને આપવા પોતાનું સર્વસ્વ માણસ જાતને આપ્યું. કહો ભાઇ આ જગત્‌માં સર્વ કામમાં ગાય માતાથી બહાર શું છે? સર્વત્ર ગાય માતાને ગાય માતાજ.

આ પ્રમાણે ગાય માતાના ગુણ અને ઉપકારમય પરોપકારી શરીરને જોઈ મહાન્ ઋષિઓએ તેનાં નામ કામદુઘા, ઇચ્છાપુરી વગેરે પાડયાં અને તે નામથી બોલાવી તેના ઉપકારનો બદલો બીજા કોઇ પ્રકારથી નહિ વાળી શકાય એમ જાણી તેના પૂજનથી વાળવા નિયમ કર્યો. ફુલ નહિ તો ફુલની પાંખડી, ધન્ય છે તમને ગુણ દર્શી પુરૂષો.

ત્યારે જગત્‌નો મહાન્ ઉપકાર કરનાર ગાય માતાના બચાવ માટે આપણે અત્યારે શું કરવાની ફરજ છે? તેના બચાવ માટે તન, મન અને ધન ખરચી નાખો. એજ આપણી ફરજ છે. કારણ શરીર ઘી, દૂધ ને અનાજથી ઉત્પન્ન થયું માટે તેનુંજ છે. અને એ શરીરે ઉત્પન્ન કરેલું દ્રવ્ય પણ તેનુંજ છે. અને મનુષ્યપણાનું ભાન કરાવનાર મનોબળ પણ તેનુંજ છે. છતાં તે ગૌરક્ષા માટે ન વાપરી શકાય તો એ મોટું આશ્ચર્ય છે. માટે આપણા હિતને ખાતર, હિન્દ ભુમીને ખાતર, અરે સમગ્ર જગત્‌ના જન સમાજને ખાતર, ગાય માતાને બચાવવાનો ઉપાય સત્વર આદરો. તેથી જેટલા પ્રમાણમાં ગૌરક્ષા થાશે તેટલા પ્રમાણમાં હિન્દ ભુમી ઉપર સોનાનો અને સુખનો વરસાદ જરૂર વરસશે.

શરીરની પણ દરકાર ન કરતાં ઉદ્યોગમાં મચી રહેનાર અને ચતુર તથા બુધ્ધિ પહોંચાડીને કામ કરનાર પુરૂષથી નહિ બની શકે એવું કાંઇજ નથી. ગૌરક્ષા વિના આપણા દેશને

સુખ શાંતિ ને આબાદી મળવાની નથી. દેશમાં ગવાદી પશુની હયાતી એજ આપણી હયાતી છે. અને તેમનો નાશ એજ આપણો નાશ છે. કેમકે ગૌરક્ષા એ હીન્દ રૂપી હવેલીનો પાયો છે, માટે આ હવેલીમાં રહેનાર દરેક માણસોએ પોતાના બચાવને ખાતર તેનું રક્ષણ કરવુંજ જોઈએ.

માણસોના શરીરને ગૌરક્ષાથી થતા લાભ અને ગૌવધથી થતી હાની.

જે શરીર વડે ધર્મ, અર્થ અને કામ સિધ્ધ કરી, સંસારમાં ખરા સુખનો લ્હાવો લઈ છેવટ મોક્ષ મેળવવાનો છે; તેમજ પરમાત્માની આજ્ઞાઓનું પાલન કરી, જન સમાજ અને જીવ પ્રાણી માત્ર પ્રત્યેની માણસ જાતની યોગ્ય ફરજો બજાવવાની છે; તે શરીરનું ઉત્તમ પ્રકારે રક્ષણ કરી, તેને નિભાવી રાખવા માટે માણસ જાતને યોગ્ય અને આરોગ્તા સાચવી શકાય તેવા ખોરાકની જરૂર છે. આપણો હિન્દુસ્થાન દેશ પૃથ્વી ઉપર સમ શિતોષ્ણ કટિબંધમાં છે. તેથી અહીંના હવા પાણી પ્રમાણે જોઇએ તેવો અનુકુળ ખોરાક ઘી, દૂધ અને અનાજ વગેરે છે. હાલના કેળવાએલા ડાકટરો અને વૈદ્યો પણ જણાવે છે. કે ઘી, દૂધને અનાજ વગેરે સાદા ખોરાકથીજ આરોગ્યતા સચવાય છે; પરંતુ એ ખોરાક મેળવવાનાં સાધન ગાય, બળદ વગેરે શીંગડાવાળાં પશુઓનો

હાલમાં થોડાક માણુસના માંસાહાર માટે મોટી સંખ્યામાં વધ થાય છે. તેથી પશુઓની સંખ્યા ઘટી ગઈ છે અને હજુ ઘટતી જાય છે, તેમ તેમ તેનાથી ઉત્પંન થતા એ ખોરાકની નિજપ પણ ઘણી ઘટી ગઇ છે અને હજુ ઘટતી જાય છે. તેથી તેની અછત અને મોંઘવારી વધી ગઇ છે અને હજુ વધતી જાય છે; તેના પરિણામે હાલમાં કરોડો માણુસોને પોતાનું આખું જીવન કેવળ પોષણની હાડમારીમાંજ ગુજારવું પડે છે. છતાંપણ પોષણ માટે જોઇએ તેવો અને જોઇએ તેટલો ખોરાક નહિ મળવાથી માણુસોની મરણ સંખ્યા વધી છે અને હજુ વધતીજ જાય છે. વરસો વરસ દવાખાનાં, વૈદ્યો અને ડૉકટરો વધતા જાય છે. નવી નવી દવાઓની શોધ થએ જાય છે. આરોગ્ય ખાતું આરોગ્યતા વધારવા પ્રયત્ન કરી રહ્યું છે; છતાં રોગ તો વધતાજ જાય છે. પ્લેગ જેવો ભયંકર રોગ દેશમાં ઘર કરીને બેઠો છે; તેથી લાખો માણુસો કમોતે મરી જાય છે. માણુસોનાં આયુષ્ય ઘટતાં જાય છે; અને કરોડો માણુસો ભુખમરાનું અસહ્ય દુઃખ વેઠીને, રીબાઇ રીબાઇને કમોતે મરી જાય છે. અફસોસ! અપાર અફસોસ!! જુઓ આ ગૌવધના પરિણામે થએલી હિન્દી પ્રજાની અધમ સ્થિતીનું ચિત્ર.

ગૌરક્ષા જ્યારે ઉત્તમ પ્રકારથી થતી હતી ત્યારે આપણા દેશમાં ગવાદી પશુઓ મોટી સંખ્યામાં હતાં. છેક મહાન્ પાદશાહ અકબર શાહના વખત સુધી પણ પશુ સંખ્યા ઠીક

હતી તે વખતે ગાય અને બળદ માત્ર ત્રણ રૂપીઆની કિંમતે મળતાં અને ભેંશ ચાર રૂપીયે મળતી હતી. ઘી એક રૂપીયાનું દશ શેર, ઘઉં અને ગોળ એક રૂપીયાના દસ મણ અને તલનું તેલ એક રૂપીયાનું ૩૨ શેર મળતું હતું.

ગાયના દૂધથી પાદશાહી લશ્કરના ઘોડા ઉછેરવામાં આવતા હતા, તેથી લોકોને દૂધના પૈસા મળતા તેમજ દરેક ગામની શીમમાં ગોચર (પડતર) જમીન હતી, તેમાં ગવાદી પશુઓ ચરતાં તેથી લોકોને ગાયો પાળવામાં ખર્ચ નહોતું તેથી સૌ કોઈ સહેલાઈથી પશુઓ રાખી શકતા અને કરોડો માણસોનું ગુજરાન સહેલાઇથી ચાલતું હતું. તેમજ ખેડુતોને તે વખતે ખેતી કરી અનાજ વગેરે ઉત્પંન કરવાનાં તે સાધન સસ્તાં મળતાં. માણસોને અને બળદોને જોઇએ તેટલો અને તેવો ખોરાક મળતો હોવાથી તેઓ બળવાન હતાં. છાંણ મુતરનું ખાતર પુષ્કળ મળતું તેથી જમીન કસદાર હતી; અને તેથી થોડી મહેનતે થોડા ખર્ચે પુષ્કળ પાક ઉતરતો હતો.

તે વખતે સમાન દ્રષ્ટીથી જોનાર પ્રતાપી અકબર શાહની આજ્ઞાથી રાજા ટોડર મલે, ખેતીવાડીની ઉપર કહેલી સસ્તી સ્થિતી લક્ષમાં રાખી દેશકાળ અનુંસાર જમીનની મહેસુલ લેવાનો ધારો ઘડયો હતો. ખેતી વાડીનાં સર્વ સાધનો સસ્તાં અને જોઇએ તેવાં મળતાં હોવાથી તે વખતના ખેડુતો આબાદ અને સુખી હતા.

હાલમાં જોઇએ તો દુઃખ રૂપ ગવાદી પશુ વધના પરિણામે ખેડુતોને બળદ વગેરે ખેતીનાં સર્વ સાધનો મોંઘાં પડે છે. પશુ સંખ્યા ઘટતાં ખાતરની તંગીથી જમીનમાં કસ નથી. માણસ અને બળદની નિર્બળતાને લીધે જમીન ઉથલાવી નીચેનો કસ ઉપર લાવી શકાતો નથી. થોડા બળદથી ઘણી જમીન ખેડવી પડે છે, તેથી પહેલાંની માફક વધારે પાક ઉતરતો નથી. બીજી તરફથી રાજ કર્ત્તા તરફનો ભારે પડતો કરનો બોજો અને નિર્ધનતાને લીધે તે કર ભરવા માટે વેપારીના ઉપાડેલા રૂપીઆના વ્યાજનું દબાણ; આવી સ્થિતીમાં બિચારા ખેડુતો બળદ નહિ મળવાથી પોતાની જમીન પડતર રહેવાને લીધે આખા વરસની તક ખોઈ બેસે છે. એના, પરિણામે તેઓ ભુખ મરો વેઠી, શરીરે અશકત બની છેવટ જીવ બચાવવા માટે નિવાર્હ સારૂ ભીખ માગી ખાય છે. વળી ખેડુત સિવાયના પણ પશુ પાલન કરી, ગોચર જમીનની સગવડતાને લીધે જે લાખો માણસો પોતાનો નિવાર્હ પશૂરૂપ સાધન વડે ચલાવતા હતા; તેમનો ગુજરાનનો ધંધો પણ પશુ વધથી પડી ભાગ્યો છે. અને તેના પરિણામે બિચારા ગરીબ ગામડીયા ખેડુતો તથા મજુરો જે સવારના છ થી તે સાંજના સાત વાગ્યા સુધી તડકો, ટાઢ વરસાદનું મહાકષ્ટ સહન કરી મહેનત કરે છે; તેઓ મોંઘી પડતી ચીજો લેવાને અશકત હોવાથી જુવાર બાજરીના લુખા શુકા રોટલા અથવા તેની રાબડી પીને નિવાર્હ કરે છે તેઓ થોડી થોડી ભુખ વેઠીને શરીરે નિર્બળ બને છે.

અફસોસ ! જે પ્રજા દૂધ ઉપર રહેતી તેના પુત્રોને આ-જે દૂધ નજરે પણ પડતું નથી. અરે રે માતૃ ભુમી ! તારા પુત્રોની આવી અધમ દશા શાથી ? આવો દુઃખ રૂપ જમાનો શા થી ? જે પ્રજાનાં શરીર ગૌવધ સાંભળતાં કંપતાં હતાં, તે પ્રજાના પુત્રો અત્યારે બે દરકાર બની ગૌરક્ષા માટે આંખ આડા કાન કરે છે તેથીજ

સામાન્ય રીતે જોતાં દરેક માણસોને પોતાનું ગુજરાન ચ-લાવવા ઉદ્યમ કરવા માટે તથા દુનીયાં પ્રત્યેની પોતાની ફર-જો બજાવવા માટે તંદુરસ્તીની જરૂર છે. બેશક તનદુરસ્તી જાળવવા માટે બીજાપણ રસ્તા અને ઉપાય છે, પરંતુ સામાન્ય રીતે જોતાં દૂધ કે જે બાળક, વૃધ્ધ અને બીમાર વગેરે સર્વનું એક સરખી રીતે પોષણ કરી તંદુરસ્તી જાળવવામાં એક અસાધારણ વસ્તુ છે; તેને માટે મહાત્મા પ્રજાપતી શું કહે છે; તે જુઓ.

अमृतं वै गवां क्षीर मित्यु वाच प्रजापतिः

અર્થાત ગાયનું દૂધ છે, તે મૃત્યુ લોકમા અમૃત જેવું છે. આ જગાએ કેટલાક એમ વાંધો ઉઠાવશે કે હિન્દુ લોક-નાં પુસ્તક પ્રમાંણ અલંકારિક છે તેથી અમે પ્રમાણ નથી કરતા. તો તેઓ સાહેબને માટે હાલની રસાયન વિદ્યાથી સિદ્ધ થએલું પ્રમાણ નીચે આપું છું.

(ચેમ્બર્સ અને સાઇકલોપ ઇન્ડિયા) વોલ્યુમ છઠ્ઠાને પાને ત્રણસે ચોપનમે દરેક પશુના દૂધના ગુણ લખેલા છે. તમામ દૂધવાળા પ્રાણીઓનાં દૂધ કરતાં ગાયનું દૂધ તંદુરસ્તી જાળવી કૌવત આપવામાં સારૂં છે. એથીજ ઘોડા ઉછેરવાના ઉપયોગમાં ગાયનું દૂધ વપરાય છે. ભેંશનું દૂધ સુસ્તી લાવનારૂં છે. તે પાડા અને બળદની શરીર શકિત જોવાથી સિધ્ધ થાય છે. તેથી ગાય માતાનું દૂધ એજ દુનિયામાં અમૃત સમાન છે. નાનાં બાળક વધુમાં વધુ દોઢથી બે વરસ સુધી પોતાની માતાનું ધાવણ ધાવી ઉછરે છે. પરંતુ માતાઓને જોઇતો ખોરાક નહિ મળવાથી બાળકને પેટપુરતું પોષણ હાલમાં તેઓ આપી શકતી નથી. તો પણ છેવટ બે વરસનું બાળક દૂધ પીતાં શીખે ત્યારે પણ દૂધની મોંઘવારીને લીધે ગરીબ માણસોથી તે વેચાતું લઇ શકાતું નથી. અને શ્રીમંતોને ચોકખું અને તાજું મળી શકતું નથી. નાના બાળકોને હોજરી દૂધ પચાવી શકે એટલીજ શકિતવાન હોય છે. તેમને અનાજ પચી શકે નહિ. એમ છતાં દૂધ નહિ મળવાથી અનાજ ખવરાવવું શરૂ કરે છે. તે પચાવવું તેમને ભારે પડે છે; તેથી બાળકોની હોજરી મુળથીજ બગડે છે. તેથી શરીર રોગી અને કૃશ બને છે. એ પ્રમાણે બાળકોને દૂધ નહિ મળવાથી તથા મુળ બીજક પણ યોગ્ય ખોરાક ને અભાવે અપૂર્ણ હોવાથી બાળકોની મરણ સંખ્યા વધી ગઇ છે, અને હજુ વધતી જાય છે.

હાલની પ્રજા કમ કૌવત અને રોગી તેમજ ટુંકી જીં-દગી ભોગવનાર થાય છે. તેનું કારણ કુદરતા નિયમ પ્રમાણે હંમેશા શરીરને ઘસારો લાગે છે, તે ઘસારાની ખોટ પુરી પાડવા તથા તંદુરસ્તી અને લાંબી જીંદગીને માટે શરીરની અંદર એક સરખી રીતે ગરમી રહેવાને માટે અન્ન, દૂધ અને ઘી વગેરેથી બનેલો ઉત્તમ ખોરાક લેવાની જરૂર છે. તે ગો-વધથી હાલની પ્રજાને મળતો નથી; અને અછત તથા મોંઘ-વારીને લીધે પૈસાના લોભી લોકો તેમાં દગા કરે છે તેથી આવાં માઠાં પરિણામ થાય છે.

ઘી વાપરનાર કેટલાક બંધુઓને તો એમ જણાતું હશે કે આ પુષ્ટી કારક ખોરાક હિન્દુસ્થાનમાંથીજ ગાયો ભેંશો થી ઉત્પન્ન થઇ આવતો હશે. પરંતું ઇરાન, અરબસ્તાન , મકરાણ, ઇજીપ્ત અને તુર્કસ્થાનમાંથી તે આવે છે. એ વા-ત જાણી કેટલાકને તો આશ્ચર્ય થશે. ઘીની અછત ને લીધે તેમાં કોપરેલ, મૌડાંનું તેલ મુએલાં પશૂઓની ચરબી, મીણ અને ચાક વગેરે ચીજોની તેમાં ભેળ સેળ કરવામાં આવે છે. તેમાંથી કેટલીક ચીજો તંદુરસ્તીને હાની કરનાર હોવાથી અ-નેક તરેહના રોગ થવાનો સંભવ છે. ચરબી, તલનું તેલ અને દહીં એ ત્રણ ચીજની મેળવણીથી ઘી જેવો પદાર્થ બ-નાવવાનાં કારખાનાં મુંબઇ શહેરમાં ઘણાં છે. ને તે ઘી તળ મુંબઇમાં વેચાય છે; તેમજ બહાર ગામ પણ હજારો મણ જાય છે; છતાં કોઇ દરકાર રાખતું નથી. એવા ઘીની પરિક્ષા

તે ઘીને ઘણું ગરમ કરવાથી તેની ગંધ ચરબીના જેવીજ આ-વેછે. તેમજ કાળાશ પડતું દેખાય છે.

આપણા દેશમાં ૧૯૭ લાખ એકર જમીન ખેડતા ૨૦ કરોડ ખેડુતો છે છતાં તેમને ખાવા માટે ઘી તથા માંખણ એશિયાખંડમાંથી આવે છે. બેલજીયમ જેવો ખેતીવાડી કર-નારો નાનો દેશ કે જે મુંબઇ ઈલાકાથી વધારે મોટો નથી તે ઘી અને માંખણ પોતાના વપરાશ ઉપરાંત વધારે નિપજાવી બીજા દેશોમાં નીકાસ કરે છે; ત્યારે હિન્દ કે જે રશિયા અને તરકી યુરોપમાંથી બાદ કરીએ તેની બરોબર છે. આવા મોટા દેશમાં ઉલટું પરદેશથી આવે છે. માત્ર એક હિન્દ સિવાયની દુનિયાંની સર્વ પ્રજાઓ પોતાનાં પોષણનાં સાધનનો બચાવ સારી રીતે કરે છે.

આપણા ખેડુતો બળદની એક જોડીથી સરાસરી ૧૩ એ-કર જમીન ખેડે છે. મદ્રાસ ઇલાકામાં ૧૮ એકર તેમજ મુંબઇ ઇલાકામાં ૨૭ એકર જમીન બળદની એક જોડીથી ખેડે છે. તેટલી જમીન ખેડવા માટે ખેડુતોએ ગાય બળદ વગેરે ૧૨ પશુઓ રાખવાં જોઇએ. તેમ કરવથી પશુની છત થાય તોજ જીવન નિભાવવાના પદાર્થ વધારે ઉત્પંન કરી શકાય. ત્યારેજ દેશની સ્થિતી સુધારવાનો ખરો માર્ગ ગ્રહણ કર્યો ગણાય.

દરેક કુટુંબમાં ઓછામાં ઓછી એક દુઝણી ગાય રાખવી

જોઇએ. જે ઘરમાં ગાય હોય તે ઘરનાં માણસો મોટી મોજ માંણે છે કેમકે તેથી તરતનું દોહેલું તાજું દૂધ, દહી, માખણ ઘી અને છાશ ચોખ્ખું, ભેળસેળ વગરનું મળે છે. તે થકી કેટલાક રોગ થતા અટકે વગર દવાએ રોગ મટે. શરીરના વિકાર મટે, આંખોનું તેજ વધે. માંદગીમાં બીજો ખોરાક ન લેવાય ત્યારે દૂધથી જીવન નિભવી શકાય અને શરીરના દરેક અવયવો જીંદગી નિભાવવાને લાયક બને. ઘરમાં તાજા છાંણનો અબોટ (લીંપણ) કરવાથી તથા ઘીના દીવાથી અને ઘીના હોમથી દૂરગંધનો નાશ થય તેથી તે ઘરની હવા ચોકખી રહે. તાજા ગૌમુત્રથી ઘણા રોગ મટાડી શકાય. એ પ્રમાણે ઘરમાં ગાય માતાની હયાતીથી શરીર આરોગ્ય રહે. કામ ધંધો કરવા માટે ઉત્સાહ અને શક્તિ વધે. અને હમેશાં અંતઃકરણના ઉંડાણમાં ખરી શાંતિ રહે. અને તે ઘરનાં માણસો લાંબું આયુષ્ય ભોગવી આ લોક અને પરલોકનાં સુખ સગવડ સુગમતાથી મેળવી શકે.

માણસ જાતને હરેક પ્રકારનાં સુખ સાધન મેળવી આખું જીવન નિભાવવાની જીવનદોરી માત્ર ગાય માતાજછે. ગવાદી પશુના ચામડાનો જોડો પહેરીને તડકો, ટાઢ, કાંટા અને કાંકરા વગેરેની પીડાથી બચી શકાય છે. કુવામાંથી પાણી ભરી કાઢવાના કોષ, દેવ મંદીરમાં અને આનંદ મેળવવાના પ્રસંગમાં નગારાં, ઢોલ, ત્રાંસાં, તબલાં તથા ચોપડાના પુંઠાં વગેરે ઉપયોગી ઘણી ચીજો તથા ખેતીવાડી માર્ફત અનાજ,

વસ્ત્ર, શેલડી, સાકર, ખાંડ, ગોળ, દૂધ, દહીં, માંખણુ, મલાઈ, ઘી અને છાશ તથા લીલાં શાકભાજી વગેરે પોષણુના પદાર્થો તેના વડેજ મળે છે, ઘાંચીની ઘાણીથી તેલ, રથ, શીંગરામ ગાડીઓ તથા ગાડાં વગેરે વાહન ઈત્યાદી હજારો પ્રકારનાં સુખ સગવડ તેના વડેજ છે. અનાજ પ્રથમ એક જાતનું ઘાસ હતું પરંતુ આર્ય મહાત્માઓએ તેઓની મદદ વડેજ તેનાં બીજક સુધારી સુધારીને તેને ઉત્તમ અનાજરૂપ બનાવ્યું; અત્યારે પણુ ખેડુતો ઉત્તમ બીજ સાચવી રાખી વાવેતર કરે છે. જ્યારે અનાજનાં બીજ સારાં વાવવાની કાળજી માણુસો રાખે છે. ત્યારે અમુલ્ય મનુષ્ય દેહ ઉત્પંન કરવાનાં બીજક ગૌરક્ષા વડે જોઇએ તેવી ભરપુર ઉત્તમ સ્થિતીમાં રાખવાની બેદરકારી શા માટે?

હાલમાં મનુષ્ય દેહ ઉત્પંન કરવાનાં હિન્દી પ્રજાનાં બીજક (વિર્ય) ગૌવધના પરિણામે પોષણીક તત્વોના અભાવે; અલ્પ, રોગીષ્ટ, અપૂર્ણ અને ગર્ભ ધારણ કરવા માટે અયોગ્ય થયાં છે, અને થએ જાય છે. વૈદક શાસ્ત્ર અને ધર્મ શાસ્ત્રમાં એવી સ્થિતીનાં અયોગ્ય માણુસોને લગ્ન કરવાની તથા પ્રજા ઉત્પંન કરવાની આજ્ઞા નથી. એવાં અયોગ્ય બિજકને લીધે હાલમાં કેટલીક જણેતાઓ તો માત્ર મોટા ઉંદર જેવડાં બાળકને જન્મ આપે છે. અને તે પણુ બીજક પ્રમાણે રોગી, નિર્બળ, કૃશ અને મરજીવડાં જેવાં હોય છે. તેમને માતાના ઉદરમાં પણુ ઉત્તમ તત્વોનું પોષણુ મળતું નથી.

તેમજ માતાઓ નિર્બળ હોવાથી ધાવણ વડે પણ જોઇએ તેવું પોષણ કરી શકતી નથી. અને વળી અનેક દુઃખો ઉત્પંન કરનાર એજ ગૌવધના કારણે ગરીબ માણસોને બાળકોનું પોષણ દૂધ પાઇને કરવાની શક્તિ સગવડ નથી. આ વિપત્તીના કારણે બાળકોની મરણ સંખ્યા વધતી જાય છે. અને જીવતાં રહે છે તેમને પછીથી મોટી ઉમ્મરે પણ જોઇએ તેવો ને તેટલો ઘટીત ખોરાક મળતો નથી; તેથી તેઓ ઘણે ભાગે આખી ઉમ્મર માંદગી જેવી નિર્બળતા ભોગવી; સો વર્ષનું આયુષ્ય થયા પહેલાંજ અકારી જીંદગી ભોગવી આખું જીવન દુઃખમય સ્થિતીમાં ગુજારી મરી જાય છે. તેવા માણસોની પ્રજા વળી જે ઉંત્પંન થાય, તેમનાં શરીર, બુધ્ધિ વગેરે સર્વ પ્રકારની શક્તિ અને સ્થિતી કેવી હોય તેનો વિચાર આપ વાંચનાર બંધુ કરી લેશો. આ પ્રમાણે ગૌવધથી પ્રજાની ઓલાદ ઉતરતી જાય છે. તેવીજ પોષણની સ્થિતી પશુઓની છે; તેઓ પણ નાજુક નિર્બળ બની, તેમની ઓલાદ પણ ઉતરતી જાય છે. સજ્જનો! ઘણો ખેદ ઉંત્પંન કરે તેવું પ્રજાની સ્થિતીનું ચિત્ર વારંવાર નિહાળો અને તે સુધારવા માટે ભગીરથ પ્રયત્ન આદરો અને ગૌરક્ષા કરો-

કયાં પૂર્વ કાળના માણોસોનાં શરીરનાં કદાવર ને મજબુત બંધારણ અને કયાં હમણાંના માણોસોનાં તકલાદી શરીર. કયાં ઉત્તમ બિજકના પ્રભાવે ગર્ભમાંજ ઉત્તમ શકિત પામેલા મહાત્મા શુક દેવજી, અને રણધીર અર્જુન

પુત્ર અભિમન્યુ અને કયાં સાંપ્રત સમયના, નહિ મુઆ કે નહિ જીવતા, તેવી અધોગતી ભોગવતાં બાળકો." કયાં મહારાજા ભોજ અને કયાં ગાંગલી ઘાંચણ, એવી પ્રજા પોતાનું દેશનું કે દુનિયાનું શુ. ભલું કરી શકે?

દેશમાં ગવાદી પશુઓનો વધ બંધ થાય ને તેમનું ઉત્તમ પ્રકારે પાલન પોષણ થાય તો તેઓની વૃધ્ધીથી સર્વને ઘટીત પોષણ મળે જેથી શરીર શકિત પ્રબળ થાય અને તેથી આખું જીવન સુખ રૂપ થાય, એટલુંજ નહિ પણ છેવટ પરમાત્માની હજુરમાં જતાં પણ સન્ કાર થાય.

ગૌરક્ષાથી થતા આર્થિક લાભ અને ગૌવધથી થતા આર્થિક હાની.

तृणानि शुष्कानि वने चरित्वा,
पीत्वा सु तो यान्यमृतं स्रवंति;।
संरक्षिता श्रोपनयंति वित्तं,
गोभिर्न तुल्यं धन मस्ति किंचित्.॥

અર્થાત ગાય છે તે જંગલમાં સુકું. ઘાસ ખાય છે. અને પાણી પીએ છે; તેમ છતાં સાંજે ઘેર આવીને અમૃત જેવું દુધ આપે છે: તેથી અનેક તરેહના લાભ થાય છે. તેમજ દ્રવ્ય પ્રાપ્તી પણ થાય છે. માટે ગાયનું રક્ષણ કરવું. કારણ ગાય જેવું બીજું એકે ધનનથી.

હિન્દનાં ૨૦ કરોડ માણસો કેવળ ખેતી વાડીના આધારેજ પોતાનીં આજીવકા ચલાવે છે. દર વરસે તેવાં માણસોનો ઉમેરો થતો જાય છે. એમ છતાં ખેતીનો ઉદ્યોગ નબળી સ્થિતીમાંજ પડેલો છે. જમીનમાં રસ કસ રહ્યો નથી નિપજ પુરી નિપજતી નથી. સરાસરી ૧ એકર જમીનમાં ૧૦ બુશલ અનાજ પણ પાકતું નથી. ખેડુતો ઘણે ભાગે કરજદાર થઈ ગયા છે અને દરેક માણસની વાર્ષિક પેદાશ સરાસરી ૧૮ રૂપીયાનીજ (સર. ઇ. બેરીંગના હેવાલ મુજબ) થાય છે. જેમ વસ્તી વધતી જાય છે, તેમ જમીનની તંગી પણ વધતી જાય છે. તેથી ખેતીવાડીની ઉન્નત્તી માટે ગારક્ષા કરવાના ઘટતા ઉપાય લેવાની જરૂર છે.

ખેતીના વધારા માટે તેનાં બળદ વગેરે પશુરૂપ સાધનો થોડી સંખ્યાને લીધે જોઇએ તેમ વખતસર મળી શકતાં નથી. તેમજ મોંઘી કિંમતે ખરીદવાની શક્તિ ઘણા ખેડુતોને રહી નથી. અને બળદો મળે છે તે પણ ઘણે ભાગે નિર્બળ હોય છે તેથી બળદોની તંગીને લીધે હજારો એકર જમીન ખેડયા વિનાવી પડતર રહી છે. દેશમાં ખેડાએલી જમીન કુલ ૧૯૭ લાખ એકર છે. અને બળદ તથા પાડા મળીને કુલ ૨૪૫·૯૨૮૦ ની સંખ્યા છે. (સન ૧૮૮૫–૮૬ સરકારી પ્રેસમાંથી મુંબઇ ગૌરક્ષક મંડળીએ મેળવેલ આંકડા ઉપરથી) તેથી માત્ર સરાસરી ૧૩ એકર જમીન બળદની

એક જોડીથી ખેડાય છે. એ ઉપરથી જણાય છે કે દેશમાં જમીન ખેડવા માટે પશૂ સંખ્યા પૂરતી નથી. બીજી બાજુએ દર સાલ ૧ કરોડ પશુ ચેપી રોગથી કમોતે મરી જાય છે. અને ૫૩ લાખ પશુ ભૂખમરો વેઠી છેવટ કુદરતી મોતે મરી જાય છે. અને ૩૫ લાખ પશુનો કેવળ ચાંમડા તથા ખોરાક માટે વધ થાય છે. કેવળ ખેતીવાડી ઉપરજ આધાર રાખનાર હિન્દને આ ખોટ ભયંકર છે. એ પ્રમાણે દર સાલ ૧૮૮ લાખ ગવાદી પશુનો ઘટાડો થાય છે તે ખોટ નવાં જન્મેલાં પશુથી પૂરાતી નથી. માટે જે સંખ્યાબંધ પશુઓ મારી નાખવામાં આવે છે તેનો અટકાવ થવો જોઇએ કેમકે એથી મોટી હાની થઇ છે અને હજુ પણ થએ જાય છે.

એક ગાયના વધથી જ્યારે એક વખત માત્ર ૧૦૦ માણસોનું પોષણ થઈ શકે; ત્યારે તેજ ગાયની હયાતીથી એક વખત ૨૭૦૦૦ માણસોનું પોષણ થાય છે. એક ગાયનો વધ નહિ થતાં, પોતે જીવન પર્યંત નિયમીત ઘી દૂધનું પોષણ આપે. વળી તે કેટલાંક વેતર વિયાય તેની વાછરડીઓ તે બીજી ગાયો થાય; તેમની જીંદગી સુધીના ઘી દૂધની કિંમત ગણો અને વાછરડા તે બળદ થાય; તે વડે ખેતી-વાડીથી હજારો મણ અનાજ, કાલાં, કપાસ વગેરે ઘણી ચીજોની નિપજ આવે, તેની કિમ્મત ગણો. એ બધાંના છાંણનું ખાતર થવાથી જમીનમાંથી વધારે પાક ઉતરે તેની

કિંમત ગણો. એ પ્રમાણે એક ગાયનો વધ નહિ થતાં તે હયાત રહે તો તેની ઓલાદ સહીતની નિપજની કિમત લગભગ ७१००० રૂપીયા થાય છે. એટલો જ્યારે એક ગાયના બચાવથી દેશને લાભ થાય છે; ત્યારે લાખોની સંખ્યામાં જે પશુવધ થાય છે તે અટકે તો એકંદર કેટલો લાભ હિન્દને થાય, તે સર્વ બંધુઓ લક્ષમાં લેશો.

પશુ વધના પરિણામે દેશ નિર્ધન થઈ ગયો છે. તેથી હવે (ઉપરકી અચ્છી બની, ભિતરકી રામ જાને.) એવી સ્થતી ઉભી થઈ છે. થોડાક પૈસાવાળા સિવાય બાકીના વધુ કે ઓછા દુઃખી છે. તેથી સોજા ચડાવીને તાજા દેખાવાનો મિથ્યા આડંબર વધ્યો છે અને વધતો જાય છે. પ્રથમ હિન્દમાં પશુરૂપે અપાર સંપત્તી હતી. માલની આપ લે ગાડાથી અને પોઠીયા (બળદ) થી થાતી હતી. આપણામાં લાખો વણઝારો કહેવાય છે; તેના પાસે એક લાખ બળદ હતા. તેવી હજારો વણઝારો દેશમાં હતી. એક લાખ ગાડાં માટે બે લાખ બળદ રાખતા તેવા વેપારીઓ પણ ઘણા હતા. દરેક ખેડુતને દરેક સાંતીએ બળદ વગેરે ૧૬ પશુઓ પાળવાનો જન સમાજમાં કાયદો હતો. તેથી ખેડુતો પાસે પણ પુષ્કળ પશુઓ હતાં. સિવાય રબારી ભરવાડ વગેરે ગોવાળીયા અને ઉભડીયાં મજુરો પાસે પણ અપાર પશુઓ હતાં. એ બધાં પશુઓનો નાશ થઈ ગયો છે. અને હવે જે

થોડાં છે; તેમાંથી પણ મોટી સંખ્યામાં રોગથી અને વધથી તેમનો નાશ થએ જાય છે. વળી પરદેશીઓ પણ ખરીદી જાય છે. આ પ્રમાણે ગવાદ્દી પશુનો નાશ કાયમ ચાલશે તો કેવળ ખેતીવાડી અને દૂધ. ઘી અને અનાજ વિગેરે પશુથી ઉત્પંન થતા પદાર્થો ઉપરજ જે હિન્દની પ્રજાનો આધાર છે; તે પ્રજા ભયંકર, અધમ સ્થિતીમાં આવી પડશે. અને ભૂખમરો વેઠી છેવટ નાશ પામશે.

હવે જ્યારે હિન્દી પ્રજાનો જન્મથી મરણ પર્યંત કેવળ ખેતીવાડીને ગવાદ્દી પશુ ઉપરજ આધાર છે; તેમનો નાશ થયો અને થએ જાય છે. ત્યારે પછી પશુ વિના ખેતી થાશે કેમ? કદાપી કોઈ કહેશે કે યંત્રથી ખેતી થાશે તો કંગાલ ખેડુતો પૈસા વિના યંત્રો લાવી શકશે કેમ? અને તે યંત્રો પશુ વિના ફેરવાશે કેમ? અને જમીનમાં ખાતર મળશે ક્યાંથી? માટે ગાય માતા વગેરે શીંગડાવાળાં પશુવિના અપણા દેશની પ્રજાનો કોઈ બીજી રીતે નિભાવ થઈ શકે તેમ નથી. તેથી ખરી રીતે પશુનાશ તે પ્રજાનાશ સમજવો. માટે પશુજ આપણું શરીર બળ, મનોબળ વગેરે સર્વ પ્રકારનું બળ છે. અને એની હયાતીથીજ આપણને સુખ-શાંતિ અને આબાદ્દી મળી શકે.

હિન્દમાં એક વરસમાં ગાય માતા અને તેના પુત્ર બળદ એ બેના વધથી એકંદર રીતે ગણતાં ૧૧૫૯૧૩ માંસાહારીનું

બાર મહિના ગુજરાન ચાલે છે. પણ જો એ પ્રાણીનો બચાવ કરવામાં આવે તો સરાસરી રીતે ગણતાં ૨૫૬૩૭૯૪ માણસોનું તેઓ થકી ઉત્પન્ન થતા પદાર્થો વડે સાત વરસ સુધી પોષણ થાય આથી એમ સિદ્ધ થાય છે કે જુજ લોકોના નજીવા લાભની ખાતર સંખ્યાબંધ લોકોના ખોરાકનો નાશ થાય છે.

ગાય માતાના બચાવથી સર્વ હિન્દીવાન ને સરખો લાભ અને વધથી સરખી હાની છે. દેશમાં ઘી. દૂધ, કાપડ વગેરે જીંદગીની જરૂરીયાતની વસ્તુઓની મોંઘવારીનું દુઃખ સર્વ કોમને સરખું વેઠવું પડે છે. તેમજ મોંઘવારીની હાડમારીથી થતા રોગ પણ સર્વને સરખા દુઃખ રૂપ છે. માટે દરેક દેશ હિતેચ્છુ બંધુઓએ અને હિન્દી પ્રજાના દરેક માણસોએ એક સંપ થઇ ખરા દિલથી ગૌરક્ષા કરવાનો પ્રયાસ કરવાની પારાવાર અગત્ય છે.

ગૌરક્ષાથી થતા ધાર્મિક લાભ અને ગૌવધથી થતી હાની.

માણસ જાતને પ્રભુએ તર્ક શકિતની બક્ષીસ આપી છે. તે એટલા માટે કે તેની ઇચ્છા અને આજ્ઞાઓ તે વડે સમજીને તે પ્રમાણે વર્તન કરે અને તેથી સુખી થાય.

એ શક્તિ વડે સમજી શકાય છે કે માણસના શરીરમાં વ્યાપ્ત થઇને વસેલો અમ્મર આત્મા પરમાત્માની ઇચ્છા અને આજ્ઞા પ્રમાણેજ આચરણ રાખવા તેનો જવાબદાર અને જોખમદાર છે. સર્વને ઉત્પંન કરનાર તે એકજ છે, પરંતુ સર્વની સ્થિતી સરખી જણાતી નથી. કારણ માણસો શરીરથી શબ્દથી અને સંકલ્પથી જે જે ક્રિયા કરે છે, તે તે ક્રિયાનાં પરિણામ પ્રમાણે ઇશ્વરી ન્યાય નિયમથી સર્વને સુખ દુઃખ પ્રાપ્ત થાય છે.

પૃથ્વી ઉપર અસંખ્ય મ ણુસો જન્મે છે અને ઉપર કહેલા ઇશ્વરી નિયમ પ્રમાણે સુખ દુઃખ ભોગવી છેવટ મરણ પામેછે. તેથી જણાય છે કે શરીર ક્ષણભંગુર અને નાશવંત છે. માટે પોતાના શરીર પ્રત્યે, જ્ઞાતી અને જન્મભુમિ પ્રત્યે, સ્વદેશ અને સર્વ જન સમાજ પ્રત્યે. તેમજ જીવ પ્રાણી માત્ર પ્રત્યે; પોતાનું જે કર્તવ્ય છે. તે દુનિયામાં રહેવાના થોડા સમય માટે ભુલી જઇને, ઇશ્વરેચ્છાનો ભંગ કરવો એ પોતાના આત્મા માટે ઘણું મૂર્ખાઇ ભર્યું અને. અપાર ભયંકર છે. કેમકે વહેલું કે મોડું પણ એક દિવસ જરૂર મરણ પામીને પરમાત્માની હજુરમાં જઈ પોતાની કરણીનો જવાબ આપવાનો છે. એ ભયથી બચવા માટે પોતાના કર્તવ્ય ધર્મનું યથાર્થ રીતે પાલન કરવું એ માણસ જાતની ફરજ છે.

પરંતુ નિર્મળ અને સત્ય પરાયણ માનસિક વૃતી હોય

તોજ માણુસ પોતાની ફરજો યથાર્થ રીતે બજાવી શકે. ત્યારે એવી વિશુદ્ધ માનસિક વૃતી તો સાત્વીક ખોરાક ખવાય તોજ થાય. કેમ કે મનની ગતીનો કેટલોક આધાર ખોરાક ઉપરજ છે. ખોરાકના ગુણ પ્રમાણેજ માણુસનો સ્વભાવ બધાય છે. અને સ્વભાવ પ્રમાણેજ માણુસોનાં વર્તન હોય છે.

ત્યારે મનોવૃત્તી સ્થિર, નિર્મળ અને નિયમિત રાખવા માટે અનાજ, ઘી અને દૂધ વગેરે સાદો ને સાત્વીક ખોરાકજ જોઇએ અને તે ખોરાક મેળવવાનાં સાધનરૂપ ગવાદી પશુઓ છે. તેથી સિદ્ધ થાય છે કે ગૌરક્ષા થકીજ માણુસો પોતાનો ધર્મ યથાર્થ રીતે પાળી શકે.

સાત્વીક ખોરાકના અભાવે હમણાંજ પશ્ચિમની કેટલીક પ્રજાઓ કરોડોની દોલત અને મહાન્ રાજયો હોવા છતાં પણુ તેમની મનોવૃત્તી અસ્થિર બની અને તેથી લોભ અને તૃષ્ણા વધી જવાથી ન્યાય નિતીનું ભાન ભુલીને તેમણે મહા યુદ્ધ આદરીને પોતાની અને બીજાઓની ખુવારી કરી. તે દાખલો હમણાંજ આપણી સામે ઉભો છે. તો માંસાહારના પરિણામ માટે જન સમાજને બહુ વિચારવા જેવું છે. અને તેનો ઈતિહાસ પહેલેથી છેલ્લે સુધી બરાબર જાણીને તેને છોડી દેવો ઘટે છે.

જ્યારે ઘી દૂધ વગેરે સાત્વિક ખોરાકથી અંતઃકરણ

નિર્મળ રહેછે. સારાસારનો વિવેક વિચાર સુજેછે. ત્યારે માંસાહાર માણસને ઉદ્ધત બનાવી ભાન ભુલાવે છે. તથા દયા, પ્રેમ, સત્ય અને ન્યાયનું ખરૂં સ્વરૂપ સમજવામાં અંતરાય કરે છે.

ગોવધના પરિણામે પ્રજાને સુકો લુખો ખોરાક મળતો હોવાથી મગજ શક્તિ ઘટતી જાય છે; ભેળ સેળ વાળા ઘીમાં ચરબી હોવાથી બુદ્ધિનો નાશ થાય છે. તેથી પ્રજા વિચાર શુન્ય બનતી જાય છે, માનસિકપણું છિન્નભિન્ન થતું જાયછે. માણસો કુછંદી બનતા જાય છે. સૂખનાં બારણાં બંધ થયાં છે અને થાતાં જાય છે. સુધારાના નામથી અને સુધરેલા રૂપમાં અનાચાર વધતા જાયછે. પોતાનું પડતું મુકી બીજાનામાં ગુંથાતા જાયછે. અને ધર્મ તથા નિતીના શુભ માર્ગો ચુંથાતા જાય છે કાર્યદક્ષતા, સમયસુચકતા, ગંભીરતા, ધૈર્યતા, શૌર્યતા, સત્યતા, શુદ્ધતા, સહનતા, બ્રહ્મચર્યતા વિવેક. વિનય, પ્રેમ દયા અને લાજ મર્યાદા વગેરે સદ્‌ગુણો માનસિક વૃત્તિ બગડવાથી ઘટતા જાય છે. જેમ જેમ અવલોકન શક્તિ ઘટતી જાય છે, તેમ તેમ સાર અસાર સમજવાની શક્તિ જવાથી મનુષ્યપણાની પોતાની ફરજોનું ભાન ભુલતા જાય છે.

જ્યાં વિશેષ વૃક્ષો હોય ત્યાં વિશેષ વરસાદ પડે છે. તેવાં ઉપયોગી છતાં વૃક્ષો કપાતાં જાય છે. તેથી રમ્ય અર-

ણ્યો વેરાન થતાં જાય છે. તે ખાવા ધાય તેવાં લાગે છે. જે જગ્યાએ ઋષિ મુનિઓના અવાસ હતા. અગ્ની હોત્રના કુંડ હતા ફળ ફુલ અપાર મળતાં અને જયાં કલ્પ લતા રૂપ ગાય માતાઓનાં ટોળાં ચરતાં હતાં, ત્યાં અત્યારે ભુંડનાં ટોળાં ફરે છે, અને હત્યારા માણસો અનેક નિર્પરાધી પ્રાણીઓનો નાશ કરે છે. આંખ ઉઘાડીને જુઓ.

આ બધા આગના ભડકામાં દેશ બળી મરતો જાય છે. આ પ્રમાણે મનોવૃત્તીઓ બગડવાથી દેશ શિથીલ વિથીલ થઇ ગયો છે; છતાં છતી આંખોએ જોઇ શકતા નથી. સમજી શકતા નથી. નાશવંત અને ક્ષણિક સ્વાદ માટે દયા અને નિતી છોડી દઇને જગત્‌નો મહાન્ ઉપકાર કરનાર ગવાદી પશુ પ્રત્યેની માણસ જાતની ફરજનો ભંગ કરીને પોતાના અને જનસમાજના ખરાં સુખ સાધંનનો નાશ કરવો કેસ-વવો કોઇ પ્રકારે યોગ્ય નથી.

દરેક ધર્મના ચલાવનાર આદી માહાત્માઓની ગવાદી પશુઓનું રક્ષણ કરવાની હિમાયત સંપૂર્ણ લાગણી ભરેલી છે. વેદ, પુરાણ વગેરે હિન્દુ ધર્મના ગ્રંથોમાં, જૈન ધર્મના ગ્રંથોમાં, કુરાન, બાઇબલ અને જરતોસ્ત ધર્મ ગ્રંથોમાં પશુઓને નહિ મારતાં તેઓનું ઉત્તમ પ્રકારે રક્ષણ કરવાની આજ્ઞાઓ છે. અને દુનિયામાં સત્ય, નિતી અને ન્યાયને

માર્ગે ચાલનાર અનેક મહાત્મા અને સત્પુરૂષોએ તે ફરમાનોનું રહસ્ય સમજી ગૌરક્ષા કરી છે. કોઇ આપણો થોડો ગુણ કરે તોપણ તેના સામે સ્વભાવિક પ્રેમની અને માનની દ્રષ્ટીએ જોઇએ છીએ, અને તેના પ્રત્યે સારૂં વર્તન રાખવાની આપણી ફરજ છે; એમ સમજીએ છીએ ત્યારે ગાય માતા કે જેની નિરંતર સહાય વડેજ આપણી આખી જીંદગી નિભાવીએ છીએ; તેનો વધ ચાલી રહ્યો છે. આપણને અનેક રીતે સહાય કરનારનો સહાયને બદલે સંહાર થાય છે. આ હડહડતો અન્યાય છે. તેના પ્રભૂએ આપેલ બદલામાં દુ:ખરૂપ જમાનો સૌની નજરેજ છે.

મહાત્મા પારાશર ઋષિએ કહ્યું છે કે:—

गो वृषाणां विपत्तौ च यावतः प्रेषका जनाः ।
अनिवार यतां तेषां सर्वेषां पातकी भवेत् ॥

એટલે—ગાય અથવા બળદ આપતમાં આવી પડેલ છે, એમ જાણુતા છતાં પોતાથી બનતી મહેનત કરી તેનો બચાવ નથી કરતા, તે ગૌવધના પાપી થાય છે. તો હજારો ગાયોનો વધ થાય છે, તેમ જાણુવા છતાં મંડળીઓ સ્થાપીને અથવા પોતાની જ્ઞાતી સમુદાયથી અથવા પોતાનાથી બની શકે તેવા ખરા દિલથી જે ઉપાયો નથી કરતા તે પાપના

ભાગીદાર છે. જ્યારે આપણો આધાર તે ગવાદી પશુઓ ઉપરજ છે તો આપણા જીવન પદાર્થના ઉત્પાદકને આપણે આધાર આપવોજ જોઈએ. વળી ખેડુતો ખેતી કરી અનેક પદાર્થો પકવી વિદ્વાનો તથા ધનવાનોની સેવા કરેછે. તો તેઓએ તેનું પોતાની વિદ્યાથી અથવા ધનથી રક્ષણ કરવું જોઈએ. કારણ કેઃ—

श्लोक.

आपद्गतं हससी किं द्रविणांध मूढ ।
लक्ष्मीः स्थिरा न भवती ति किमत्र चित्रं ॥

અર્થાત્—હે દ્રવ્યે કરી અંધ થએલા મૂઢ, આપદને પામેલાની હાંસી કેમ કરે છે? કારણ લક્ષ્મી સ્થિર રહેતા નથી, એમાં આશ્ચર્ય શું?

વિદ્વાનો તથા ગૃહસ્થોએ અવસ્ય વિચારવું જોઈએ કે નિપજ ઉત્પંન કરનાર પ્રાણી, વધથી એ છાં થવાથી ખેતી ઓછી થાય છે. તેથી પાક ઓછો ઉતરે છે, અને મોંઘવારી વધે છે; તેથી હાલ ગરીબ ગામડીયા ભુખે મરતા થાતા જાય છે. જો લાંબો વખત આમ ચાલશે તો શ્રીમંતોની પણ એ દશા થશે. કેમકે હાલતો શ્રીમંતોને પૈસાની મદદથી એમ લાગે કે મોઘવારી આપણને શું કરનાર છે. પણ જરા અક-

લથી વિચાર કરો કે ઉત્પાદક પ્રાણીનો નાશ થતાં ઉત્પત્તીનો પણ સાથેજ નાશ થશે. ત્યારે બીલકુલ અન્ન નહિ મળે, તે વખતે તમારા પૈસા પેટ ઉપર બાંધવાથી ગુજરાન થવાનું નથી. માટે તમારા દ્રવ્યની, બુદ્ધિની અને શરીરની રક્ષા કરવા માટે તેમજ તમારા ધર્મની રક્ષા કરવા માટે ઉત્પાદકોની રક્ષા કરો; કે જેથી ભવિષ્યમાં તમારી પ્રજાની જીંદગીનું પણ રક્ષણ થશે.

બંધુઓ જીવતર અને સુખ જેવાં આપણને વ્હાલાં છે. તેવાં પશુને પણ હોય; અને તેઓનો અને આપણો બનાવનાર એકજ છે. એ પશુ તો શું પણ તેનો એક વાળ પણ આપણાથી બની શકે નહિ, જયારે બનાવવાની બુદ્ધિ કે શકિત નથી; તો પછી નાશ કેમ કરી શકાય? માટે જેવી રીતે ઉત્પંન થાય છે કુદરતી રીતે. તેમ નાશ કુદરતી રીતેજ થવો જોઇએ નાશ કરવાનો આપણો માસણનો અધીકાર નથી. માટે પુખ્ત વિચાર કરી જુઓ તો (**जीवो जीवस्य जीवनम्**) એટલે જીવના આધારે જીવ જીવે છે. ભાવાર્થ કે—પશુઓની મદદથી માણસો જીવે છે; અને માણસોની મદદથી પશુઓ જીવે છે. જેના થકી આપણે જીવીએ છીએ, તેનો નાશ કરાય? માણુસને પ્રભુએ બુદ્ધિ આપી છે. અને અનાજ રાંધીખાવા લાયક સાધન આપ્યાં છે. તે જોતાં માણુસનો ખોરાક ઘી દૂધ અને અનાજ પ્રભુએ નિર્માણ કર્યો છે.

માંસાહારી પશુઓને તેવાં સાધન નથી, તેથીજ તેને નખ, પંજા વગેરે માંસાહારને લાયક બક્ષીસ કરી છે.

દુનીયાના સર્વ ધર્મમાં દયા રાખવાની આજ્ઞાઓ છે. ત્યારે તે દયા હૃદયમાં હોય તો આવાં પરોપકારી પ્રાણીને બચાવો દયા એજ ધર્મનો પાયો છે. પોતાના નિકટ સંબંધીને મરતાં જોઇને આંખમાંથી આંસુ વહેછે. ત્યારે પશુવધ હયાત છે. તો ત્યાં સુધી આંખો કોરી કેમ રાખી શકાય? મોત વખતે જેવી દુખદ: ભયંકર છાંયા આપણા હૃદય ઉપર પડેછે, તેવીજ ભયંકર છાંયા પશુઓને પડેછે. આપણા પાસે ન્યાય માગવા કે વિનતી કરવા માટે તેમને વાચા પણ નથી મુંગે મોઢે જે દુઃખ સહન કરે છે તે લક્ષમાં લાવો અને તેઓની રક્ષા કરો.

ભય, નિંદ્રા. મૈથુન અને અહાર આપણામાં અને તેઓમાં સમાન છે. માત્ર ધર્મ એક માણસ જાતમાં વિશેષ છે. પરંતુ તે ધર્મનો સાર ન સમજે, પોતાનું કરતબ્ય ન વિચારે તો પછી તેવા માણસોને મનુષ્ય રૂપે પશુ જાણવા. માટે ધર્મનું મુળ તત્વ જે દયા છે તેને હૃદયમાં ધારણ કરીને ગૌરક્ષા કરો.

પોતાને સહાય કરનારનો નાશ કરવો કરાવવો એવો કોઇ પણ પ્રજાના ધર્મશાસ્ત્રમાં લેખ નથી. અપકાર ઉપર

ઉપકાર કરવાનો લેખ છે. તેવા ધર્મ ગ્રંથોને અજ્ઞાન અંધકાર રૂપી ઘરમાં મુકી તાળાં વસાયાં છે. ઉપકરની કદર કરવા વિષે એક મહાત્મા કહે છે કેઃ—

उपकारा श्चापकारो, यस्य व्रजंति विस्मृतिम् ॥
पाषाण हृदयं स्याश्च, जीवंति त्य मिथाम्रुधाः ॥

અર્થાત—જે માણસ ઉપકારને અથવા અપકારને નથી જાણતો તે પથરાના જેવા દિલનો માણસ જીવતે મુઆ જેવોછે

ગાય માતાના ઉપકારની કદર કરી જગત્‌ને પાવન કરી આપણા ઋષિ મુનિઓ ચાલ્યા ગયા. તેમને પગલે ચાલનારા મહારાજા રઘુરાજા, દિલિપ, ભગીરથ, દશરથ, ભગવાન મનુ મહારાજ, નંદરાજા, ભગવાન શ્રીકૃષ્ણ, મહારાજા અર્જુન, ભીમ, યુંધિષ્ઠીર અને હરિશ્ચંદ્ર વગેરેએ ઉત્તમ પ્રકારે ગૌરક્ષા કરી બતાવીને આપણને પણ તે સુખમય માર્ગે ચાલવાની ભલામણ કરી છે. પછીથી ગુરૂ ગોવિંદસિંહ, મહારાજા રણજીતસિંહ, મહારાજા શીવાજી અને મહાન્ અકબર પાદશાહે પણ ઉત્તમ પ્રકારે ગૌરક્ષા કરી; ગાય માતાના ગુણ અને ઉપકારની કદર કરી છે. તેમજ વર્તમાન સમયમાં યુરોપ અને અમેરિકામાં પણ કેટલીક સંસ્થાઓએ માંસાહાર તજી પશુ રક્ષા કરવાની કદર કરીછે. પન્નાના મહારાજા વગેરે બીજા પણ ઘણા દેશી મહારાજાઓએ ગૌરક્ષા કરવાની અગત્ય

સમજી એ માર્ગમાં ચાલવાનું શરૂ કર્યું છે હિન્દના એક વૉયસરોએ મુંબઈમાં ભાષણ આપતાં કહ્યું હતું કે ગાય હિન્દી પ્રજાની ખરેખરી માતાજ છે. અને તેનું રક્ષણ કરવાની જરૂર છે. પંજાબના એક ગવર્નરે ગૌરક્ષા માટે સરક્યુલર કાઢયો હતો. નાગપુરના એક ચીફ કમીશનરે ગૌદાનમાં કોઇ જમીન આપે તેનો કર લેવો બંધ કર્યો છે. દેશ હિતેચ્છુ અને ગૌરક્ષાના રહસ્યને જાણનાર ઘણા માણસોએ મળી ગૌરક્ષક સભાઓ સ્થાપી અને ગૌશાળાઓ ઉઘાડી છે. કેટલાક આપણા મુસલમાન દેશી રાજ્યોએ પણ ગૌરક્ષા માટે સહાનુભૂતી બતાવી છે. અને કેળવણીના પ્રતાપથી હાલમાં સમગ્રી હિન્દના આપણા મુસલમાન બંધુઓએ ઈદને દિવસે ગૌવધ નહિકરવો એવો અભિપ્રાય પોતાની જાહેર સભાઓમાં કેટલાક સુજ્ઞ મુસલમાન બંધુઓએ પણ રજુ કર્યો છે આ બધી બાબતથી સિદ્ધ થાય છે કે ન્યાય નિતી અને સત્યને માર્ગે ચાલનાર અનેક માણસો ગૌરક્ષાની હિમાયત કરી ગયા છે; અને અત્યારે પણ ગૌરક્ષાના લાભો સમજનારા લાખો માણસો તેની હિમાયત કરી રહ્યા છે.

હાલના દેશકાળાનુંસાર ગૌરક્ષા કરવાની પદ્ધતી.

આપણુ સર્વ હિન્દી પ્રજાએ ગાય વગેરે શીંગડાવાળાં પશુનો વધ અટકાવવા માટે ધારા સભામાં બેસતા આપણા

સભાસદોને આપણી ઇચ્છા જણાવવી કે તેમણે ગૌવધ અટકાવવાનો કાયદો બાંધવાની દરખાસ્ત ધારા સભામાં મૂકીને તેની ચર્ચા ચલાવીને તે કાયદો પાસ કરાવવો.

જગત્ નિયંતા પ્રભૂ પાસે મારી પ્રાર્થના છે કે આપણા રાજકર્ત્તાના અંતઃકરણમાં તે એવી પ્રેરણા કરે કે સમગ્ર હિન્દી પ્રજા તથા રાજ્યની સુખશાંતિ અને આબાદી માટે તેમજ આપણુ સર્વનાં જીવન નિભાવવા માટે, ખેતીવાડીનાં સાધનરૂપ ગાય વગેરે શીંગડાવાળાં પશુઓનો વધ નહિ કરવા માટે; તથા તેમને પરદેશમાં નહિ લઇ જવા દેવા માટે કાયદો કરે. અને દરેક ગામની સિમમાં પશુઓને ચરવા માટે ગૌચર (પડતર) જમીન રાખે. અને દર શાલ લગભગ એક કરોડ પશુ ચેપી રોગથી વિના મોતે મરી જાય છે; તેઓને બચાવવા માટે દરેક તાલુકામાં દવાખાનાં ઉઘાડે; તથા ઘટતો બંદોબસ્ત કરે. ગૌરક્ષા કરવાનો આ સર્વથી સહેલો ઉપાયછે.

દરેક રાજાએ પોતાની હુકમતમાં, દરેક જાતના માણસોએ પોતાની નાતમાં, અને દરેક ધર્મના આચાર્યોએ પોતાના સંપ્રદાયના લોકોમાં એવો ધારો કરવો જોઈએ કે—કોઈએ પણ ગાય, બળદ વિગેરે ઉત્પાદક પ્રાણીને અજાણ્યા માણસને વેચાતી આપવાં નહિ. અને કદી કોઈ એવા માણસને આપશે તો તેને અમુક પ્રકારની શિક્ષા કરવામાં આવશે.

જેમકે કોઈ પરજાતમાં કન્યા વ્યવહાર કરનારને પોતાની જાતવાળા સજા કરે છે તેમજ અમુક ધર્મનું અમુક ફરમાન તોડનારને ધર્માચાર્યો પ્રાયશ્ચિત કરાવે છે. તેમજ દેશના ઉત્પાદક પ્રાણીનો નાશ કરાવવાનું કારણ પેદા કરવા નિમિત સજા રાખવી. આ પ્રમાણે જો તમામ જાતી વાળા, તથા ધર્મ વાળા તથા ગામ વાળા, બંદોબસ્ત કરે તો એટલો પુરૂ-ષાર્થ કરવાથી ગૌરક્ષા થાય.

હિન્દ ગામડીઓ પ્રદેશ છે. પશુઓ અને તેમને પાળનાર ખેડુતોની વસ્તી પણ ઘણે ભાગે ગામડામાં છે, ગૌવધથી સર્વ દિશામાં કેટલી હાની અને ગૌરક્ષાથી કેટલા લાભ છે. તે બાબતથી એ લોકો ઘણે ભાગે અજ્ઞાન છે. અલબત કેટલાક થોડું જાણતા હશે પણ તેઓ નિર્ધનતાને લીધે અને ઉપર કહેલી લાભ હાની બાબત સંપુર્ણ માહેત-ગાર નહિ હોવાથી વિચાર શુન્ય બની પોતાનાં પશુ અજાણ્યાને આપી દે છે. તેઓને આ બાબત ઉપદેશથી સમજાવી ગૌરક્ષા કરે તેવા લાયક બનાવવા. ઉન્નતિનાં કેટલાંક કાર્ય દ્રવ્ય સાધ્ય છે, કેંટલાંક પ્રયત્ન સાધ્ય છે, અને કેટલાંક સંઘ સાધ્ય છે, જો કે ગૌરક્ષાના કાર્યમાં દ્રવ્ય અને પ્રયત્નની જરૂર છે; પરંતુ ઘણે ભાગે તે કાર્ય સંઘ સાધ્ય છે. માટે સમગ્ર પ્રજા પોતાનું હિત અને ફરજ સમજી ગૌરક્ષા કરે તેવા લાયક બનાવવા તેમને ઉપદેશથી કેળવવાની જરૂર છે. તેમ કરવા માટે દરેક જીલ્લામાં અગર દરેક તાલુકામાં ગૌરક્ષક સભા

સ્થાપવી. અને ઉપદેશકો મોકલીને દરેક ગામે ગામ અને દરેક ઘરે ઘરે ગૌરક્ષાનો સ્વાલ વ્યાપ્ત કરવાની પારાવાર અગત્ય છે.

દેશના દરેક ભાગોમાં ગૌશાળાઓ તથા દૂધ દહી અને ચોકખા ઘીની દુકાનો ઉઘાડવી. હાલમાં હાની કારક ચીજોનો શોખ વધી પડયો છે. પરંતુ શ્રીમંતાઈ મોજ શોખથી સચવાતી નથી પણ તંદુરસ્તી અને સદ્ બુદ્ધિ હોય તોજ સચવાય છે. તો તે મેળવવા માટે ઉત્તમ સાત્વિક ખોરાકની જરૂર છે. માટે દરેક ગૃહસ્થોએ પોતાને ઘરે ગાય રાખવી જોઇએ; કે જેથી ઘરનાં બધાં માણસો દૂધ, દહી, છાશ. માખણ અને ઘી એ પંચામૃત સ્વચ્છ અને તાજું મેળવી શકે; અને તેથી આરોગ્યતા અને નિર્મળ બુદ્ધિ મેળવી શકે.

દેશ હિત ઈચ્છનાર જાગ્રત થયેલી હિન્દી પ્રજા દીર્ઘ દ્રષ્ટીથી વિચાર કરી, એકદમ પોતાની શક્તિ અનુસાર આ નાશ પામતું ગો દ્રવ્ય, બની શકે તેટલા પ્રયત્નથી પોતપોતાના રક્ષણમાં રાખી લે, કાંઇ કસર રાખીને નહિ; પણ જેટલું સામર્થ્ય હોય તેટલું વાપરી ગાય માતાને પોતાના રક્ષણ તળે રાખે; અને જે કોઇ રાખવા માટે શક્તિવાન ન હોય તેના કબજામાંથી વધ કરનારાઓના હાથમાં તે દ્રવ્ય ન જાય, તેને માટે પોતાનાથી બની શકે તેટલો પ્રયત્ન કરી તેઓને સમજાવે અને છેવટ જરૂર પડે ત્યારે કોઇની મદદ

ભાગી ગો દ્રવ્યનું રક્ષણ કરે; પણ વધ કરનારના હાથમાં જવા દે નહિ. ભારતની તેત્રીશ કરોડ માણસની વસ્તીમાંથી દરેક એક તો નહિ પરંતુ દર પાંચ માણસ વચ્ચે પણ જો એક ગાયનું રક્ષણ થાય તો પાંચ કરોડ ગાયો તો રક્ષણ કર્ત્તાના રક્ષણમાં નિર્ભય બની જાય. તો વર્તમાન સ્થિતીમાં કેટલો ફેર પડે? પોતાના રક્ષણમાં આવેલી ગાયો સિવાય બીજે કયાંઇ આસપાસ રહેલી ગાયોનો વધ ન થાય તેને માટે શોધ કરતા રહી, રક્ષણમાં રહે તેવો પ્રયત્ન કરવો.

જેને ગાયો પાળવાની શક્તિ નથી, એવી સમગ્ર ભારત પ્રજા રૂદન સહીત રાજકર્ત્તાને અરજ કરે કે અમારા જીવનનો અને સર્વ પ્રકારના સુખનો નાશ થાય છે, તેનો અટકાવ કરો.

બંધુઓ ઉદ્યોગી પ્રજા શું ન કરી શકે? સર્વ કાંઇ કરી શકે. આપણી દ્રષ્ટીએ અત્યારે અંગ્રેજ પ્રજાજ તેનું દેખીતું ઉદાહરણ છે. રાજકર્ત્તી પ્રજાના કેટલાક ગુણ એવા અદ્દભૂત છે કે જો તે ગુણોનું ભારત પુત્રો અનુકરણ કરેતો હું ખાત્રીથી કહું છું કે ભારતનો સૂર્ય ઉદ્દય થવાને પછી કાંઇજ વાર નથી. તે ગુણો એ કે દ્દઢતા, ખંતીલાપણું, અને સતત્ ઉદ્યોગ છે. તે પ્રમાણે શરીરની પણ દરકાર ન કરતાં ઉદ્યોગમાં મચ્યા રહેનાર અને ચતુર તેમજ બુદ્ધિ પહોંચાડીને કામ કરનાર પુરૂષથી નહિ બની શકે એવું કાંઇજ

નથી. અને ગૌરક્ષા થયા સિવાય હિન્દી પ્રજાને સુખ શાંતિ અને આબાદી મળવાની નથી. માટે સર્વ પ્રજા પ્રત્યે મારી વિનંતી છે કે સર્વ હળી મળીને ગૌરક્ષા કરો.

ગૌરક્ષણ કરવાની રાજ્યકર્ત્તાની ફરજ.

હિન્દની સર્વ પ્રજા અને રાજ્યની હયાતી, સુખ શાંતિ અને આબાદીનો આધાર ખેતીવાડીથી જીવન પદાર્થો મેળવવાનાં સાધન રૂપ ગાય બળદ વગેરે શીંગડાવાળાં પશુઓ ઉપર છે. જરા દીર્ઘ વિચાર કરવાથી જણાશે કે રાજ્ય અને દેશ હિતની સર્વ દિશામાં પશૂ વધથી હાલમાં ભયંકર હાની થઈ છે અને હજુએ થએ જાય છે. તેથી અસહ્ય દુ:ખો પ્રજાએ વેઠયાં અને વેઠીએ છીએ. ગૌવધ એ પ્રજા નાશનું મુળ છે. અને પ્રજા નાશનું પરિણામ રાજ્યનો નાશ છે. માટે રાજ્ય અને પ્રજાના સર્વ પ્રકારના હિતનું રક્ષણ કરવા સારૂ કાયદો બાંધી ગવાદી શીંગડા વાળાં પશુનો વધ અટકાવવાની રાજ્ય કર્ત્તાની ફરજ છે. તેમજ તેવાં પશુઓ પરદેશમાં નહિ લઇ જવા દેવાની, તથા દરેક ગામની સિમમાં ગૌચર જમીન રાખવાની અને દરશાલ લગભગ એક કરોડ પશુ ચેપી રોગથી વગર મોતે મરી જાય છે. તેમને બચાવવા દરેક જીલ્લામાં પશુ માટે મોટું દવાખાનું, તથા તેના નીચે દરેક તાલુકામાં નાનાં દવાખાનાં ઉઘાડવાની વ્યવસ્થા કરવાની પણ તેટલીજ ફરજ છે.

ગવાદી પશુના વધના પરિણામે અછતને લીધે કરોડો માણસોને બે ટંક ધરાઇને પેટ પુરતું અન્ન પણ ખાવા મળતું નથી. કદી મળે છે તો પણ તે ખરાબ હાલતમાં હોવાથી ગુણને બદલે અવગુણ થઈ પડે છે. વળી જીવન નિભાવવાનું ઘી, દૂધ વગેરે ઉપયોગી પોષણ જોઇએ તેવું અને તેટલું બધાને મળતું નથી. જેથી પરિણામે હાડમારી વેઠીને બિચારા કેટલાએ માણસો ભર જુવાનીમાં આ દુનીયાં છોડી ચાલ્યા જાય છે.

જીવન માટે ઉપયોગી વસ્તુઓ સર્વ માણસોને એક સરખી રીતે મેળવવા માટે તેના ઘણા જથાની જરૂર છે. પરંતુ તેના ઉત્પાદક પ્રાણીઓનો વધ કરવામાં આવે છે, તેથી અછતને લીધે લોભી માણસો તેમાં ભેળ સેળ કરે છે, અને તેવો અયોગ્ય ખોરાક ખાવાથી રોગના ભોગ થઈ આખર દુનિયાંથી હાથ ઉઠાવવો પડે છે

ઉપરની બાબતનો વિવેક બુદ્ધિથી વિચાર કરી જોતાં ખાત્રી થશે કે કુદરતે બનાવેલી બધી ચીજો સર્વ માણસના પોષણ અને ઉપયોગના માટે બનાવેલી છે. તો તેવી ચીજો ઉપર સર્વ માણસોનો એક સરખો હક છે. ત્યારે તેવી વસ્તુનો સર્વ માણસો એક સરખી રીતે ઉપયોગ કરી શકે એમ પણ થવું જોઇએ. પરંતુ તેથી ઉલટું થોડા જણના અઘટિત ઉપયોગને વાસ્તે ઘણા જણના પોષણ પદાર્થનો નાશ કરવો

એ ન્યાયની રીતે જોતાં રાજય પ્રકરણી ગુન્હો કેમ ન કહેવાય? અલબત તે ગુન્હોજ છે. અને એવો ગુન્હો કરનાર બિન તકરારે સજાને પાત્ર છે. માટે કાયદાથી ગૌવધ અટકાવવો એ સંપૂર્ણ ન્યાયનીજ વાત છે.

ન્યાયી અને ડાહ્યા અકબર શાહ પાદશાહના સમયમાં ગાયના ઉત્પાદક ગુણોની ખાત્રી થવાથી તેણે સખ્ત ધારો બાંધ્યો હતો કે— જો કોઇ પણ માણસ ગાયનો વધ કરે તો તેના કુટુંબમાંથી ડાહ્યા અને રૂપાળા માણસને હલાલ કરવામાં આવતો.

(જુઓ—બીલેચમેનની આઇને અકબરી.)

—વોલ્યુમ પહેલું— પાનું ૧૮૩—

જો ગવાદી શીંગડાવાળાં પશુનો વધ બંધ કરવાનો કાયદો કરવામાં આવે, તો કુદરતી નિયમ પ્રમાણે તેની સંખ્યામાં વધારો થાય. તો કરોડો ગરીબ માણસોને પણ પોતાના પોષણ માટે સુગમતા થાય. વળી તેથી પોષણિક તત્વનો પૂરતો લાભ મળવાથી લોકો તંદુરસ્ત અને કૌવતવાન થાય તો અનેક તરેહથી દેશને આબાદ કરવાનો ઉધ્યમ કરે. તેથી જે દેશની પ્રજા સુખી અને કૌવતવાન હોય ,તે દેશને બીજાઓનો ભય રહેતો નથી, એમ થવાથી રાજય કર્ત્તાને પણ કેટલો લાભ છે, તે સહજ સમજાશે

થોડા માણસોના નજીવા લાભની ખાતર સંખ્યા બંધ માણસોના ખોરાકનો નાશ થવા દેવો; તેમજ થોડા જણને રાજી રાખવા અને ઘણા જણને ગેર વાજબી રીતે હાની થવા દેવી તે યોગ્ય નથી. તેથી આપણે આપણી માયાળુ અને ન્યાયી રાજ કર્ત્તા સરકારને જણાવવું જોઇએ કે તે એક ન્યાયી તરીકે જગતમાં પ્રખ્યાત થઈ પોતાની સર્વ પ્રજાનો પ્યાર મેળવવા ઉત્સુક છે; ત્યારે ગૌવધથી અમારી હિન્દ ભુમીનું સત્યાનાશ વળે છે, તે અટકાવવા અવશ્ય ધ્યાન આપી, અમારા દુઃખી મનને શાંત કરી. પ્રેમની લાગણી કે પ્રજા પ્યાર વ્હોરી લ્યો. આ હિન્દ ભુમી ન્યાયી રાજ કર્ત્તા તરફ સદા સર્વદા વફાદારજ રહેવાની છે' રહે છે અને રહેશે.

અમારા જીવનનો બચાવ કરવા માટે દુષ્કાળના સમયમાં, કોઇ રોગ ચાલતો હોય તે સમયમાં, એવા બીજા શત્રુઓમાં તમારી રાજ સત્તા એવી રીતે પ્રજાનું રક્ષણ કરવા પ્રયત્ન કરે છે: કે જેના જેવું બીજા કોઇ રાજ્ય કર્ત્તાઓએ થોડુંજ કર્યું હશે. પણ એ દુષ્કાળનાં દુઃખો વિલક્ષણ રોગોનાં દુઃખો અને અન્ય સર્વ પ્રકારનાં દારિદ્ર દુઃખો ફીટાડવાને ઉત્તમ સાધન જો તમે પ્રજાના અંતઃકરણની ખરી લાગણીની વાણી, પ્રજા ભાવથી માન્ય કરતા હો તો તે પદાર્થ બીજો કોઇજ નહિ પણ સર્વ જગતનું જીવન ગાય માતાનો વધ થતો અટકાવવો તેજ છે. ધર્મ નાશ એ શબ્દ અમારા સૃષ્ટી નાશ તરીકે ગણવામાં આવે છે. તો અમારા ધર્મનું

રક્ષણ કરવાને આપેલું આપનું પ્રજા પ્રત્યેનું વચન મિથ્યા ન થાય, તેમ કરી અમારા જીવનનું રક્ષણ કરો.

યજ્ઞાદિક ક્રિયાઓથી પ્રથમ વરસાદ ઉત્પંન કરી શકાતો તેથી દુઃકાળનું દુઃખ પ્રજાને વેઠવું પડતું નહિ. તેમજ બ્રાહ્મણોનાં નિત્ય કર્મ અગ્નિ હોત્રથી તથા યજ્ઞાદિકના ધુમ્રથી હવા શુધ્ધ થઇ રોગનાં મુળ નાશ પામતાં. તેથી રોગ પ્રાપ્ત થવાનો બિલકુલ સંભવજ નહોતો. કારણ કે કાર્ય ઉત્પંન થવા પહેલાંજ તેનાં કારણ માટે આર્ય મહાત્માઓએ તજ-વીજ કરી રાખવાની ઉત્તમ રીતી, દીર્ઘ દર્શીપણું વાપરી ઠરાવી રાખી છે. પણ એ વૃષ્ટી ઉત્પંન કરવા તથા રોગનો નાશ થવાનાં સાધન ઘી વગેરે દ્રવ્ય ગાય માતાના થકીજ છે. તે દ્રવ્યજ સર્વનું આયુષ્ય છે. તે નકકી થઈ ચુકેલું છે. માટે આપણે રાજ સત્તાને એજ અરજ કરવી કે પ્રજાને દુઃખ ઉત્પંન થયા પછી તે ફીટાડવા આપ જે પ્રયત્ન કરો છો; તે પહેલાં તે દુઃખો ઉત્પંન થાયજ નહિ એવો સુલભ ઉપાય ગૌવધના અટકાવનો ધારો ઘડી, તેનો અમલ કરી, ભારત પ્રજાના દુઃખનો અંત આણી તેને સુખી કરો.

જો આગ્રહ પૂર્વક સમગ્ર ભારત પ્રજા ઇંગ્લાંડની રાજ સભા પ્રત્યે, પોતાનાં દુઃખો નાશ કરી સુખી કરવા ની માગણી કરે તો તે ના પાડશેજ નહિ. એ ઇંગ્લાંડની રાજ સભામાં કેટલાક એવા કાબેલ અને પ્રજા દુઃખ જાણ-

નાર ન્યાયી અને ગંભીર પુરૂષો છે કે સર્વ ભારત પ્રજા પોતાની દાદ દઢતાથી તેઓના હૃદયમાં પ્રવેશ કરાવે તો તે પુરૂષો તરતજ પ્રજાને દુઃખમાંથી છોડાવી, સુખી કરવા યોગ્ય ગોઠવણ કરી હિન્દી પ્રજાને આનંદ આપે.

પણ બંધુઓ કહેવું કોને? પોતાના ઘરમાંજ અંધારૂં છે, અજ્ઞાન અને નિદ્રામાં પડેલા, આળસ અને દરિદ્રતાને આધિન થએલા હિન્દના પુત્રો ઉંચું માથું કરી, દીવો સળગાવી પ્રકાશ કરવાનો પ્રયત્ન કરે છે કોણ?

સન ૧૮૮૪ માં કોઇ નિષ્પક્ષપાત ભલા અંગ્રેજે કેમ્બ્રીજમાં ભાષણ કરેલું કે—"જે હિન્દી પ્રજાનાં જીવનનાં સાધન ગવાદી શીંગડાંવાળાં પશુ છે. તેનો માત્ર થોડા માણસના પોતે માનેલા લાભ અને સ્વાર્થ માટે મોટી સંખ્યામાં વધ થાય છે; તેના પરિણામે હિન્દની ભયંકર સ્થિતી ઉભી થશે." તેના જવાબમાં ન્યાય પરાયણ વૃત્તીવાળા કેટલાક માણસો એમ બોલ્યા હતા કે "અમે તે સારી રીતે જાણીએ છીએ, પણ ત્યાંના લોકો બે દરકાર છે; ત્યારે અમે શું કરીએ" અફસોસ! હજુ પણ ગૌવધ ચાલુ છે. તે કેવળ હિન્દીવાનોની સહનશિલતા અને બે દરકારીનું પરિણામ છે.

ગૌરક્ષણના દ્રઢતાપૂર્વક ઉદ્યોગનું પરીણામ.

પણ હમણાં કેળવણી પામેલા કેટલાક દેશહિતેચ્છુ બંધુઓને પોતાના દેશની સ્થિતી હયાતીનું જ્ઞાન થવાથી

દેશની આબાદી અને રાજા પ્રજાના હિતને ખાતર જુદા જુદા વિષય ઉપર વિવેચન કરી પોતાના વિચારો પ્રજાની સેવામાં પ્રસિદ્ધ કરેલા છે. તેમાંનો એક વિષય આ ગૌરક્ષણનો છે. તેમાં રાજા પ્રજા અને સમગ્ર જગતનું હિત સમાએલું છે; એટલે તેથી તેમણે વિશાળ હિન્દ ભુવન મંડળના કોઇ બે ચાર ઓરડાઓમાં તેજસ્વી નહિ, પણ ઝાંખો દીવો સળગાવી પોતાનું ઘર જોવાની કોશીશ કરી છે; અને જરાક દીવો પામતો કરીને જોયું; તો ભારત ભુવનમાં ખાતર પડેલું જોયું; તેથી ચિંતા પેઠી અને બેચાર માણસોએ ભેગા મળીને વધારે તપાસ કરી તો જણાયું કે ખાતર કેટલું પડેલું છે, તેનો આંકડો અમારાથી નક્કી થઇ શકતો નથી. થઇ રહ્યું. ભાવાર્થ શું ? કે મીલકત એટલી ચોરાએલી છે કે જેનો પારજ નથી અહો! ભારતનો અક્ષય ભંડાર લૂટાયો. બિચારા દેશ હિતેચ્છુ ઉદ્યોગીને ધીર છતાં પણ તેઓ આ બનાવ જોઈ ઘણા દિલગીર થયા; અને ત્યાંજ દીવો નીચે મુકી બેશી ગયા. વળી કોઇ ઉત્સાહી પુરૂષો તેમને મળ્યા. અને ચોરી થયાના સમાચારની સાથેજ જમીન ઉપરથી ઝટ દીવો ઉપાડી બેભાન થયેલા પોતાના મિત્રોને ઉભા કરીને કહ્યું કે બેશી શું રહ્યા છો, અમે ચોરીનો પતો લગાડીએ છીએ. તેઓએ જરાક આગળ વધી જોયું તો અત્યારે પણ ખાતર પડતુંજ જાય છે. મીલકત લૂટાતીજ જાય છે. હિન્દનું સુખ ચોરાતુંજ જાય છે. આંમ નજરે જોયું પણ પોતાનાથી કાંઇ બની શકે તેમ

નથી; એવું જાણી દીવો હાથમાંને હાથમાં રહ્યો, અને ત્યાંના ત્યાં સ્તબ્ધજ બની ગયા. આ ચોરાએલી અને ચોરાતી મીલકત તે ગાંય માતારૂપ ભારતનું સુખ ચોરાય છે.

કેટલાક સમયથી અનગળ સુખ ચોરાઈ ગયું અને હજુ પણ તેમજ ચાલ્યું જાય છે. પણ કોઇ માયના પૂત તે અટકાવવા સમર્થ થાય તેમછે? અફસોસ! આટલી તેત્રીશ કરોડ ભારત પ્રજામાંથી થોડાપણ નથી નીકળતા?

સજ્જનો એવા થોડા માણસો નીકળે તોપણ સર્વને એટલું અવશ્ય યાદ રાખવાનું છે કે આ મહાભારત કામ કાંઇ એક બે જણનું નથી. પણ સમગ્ર હિન્દી પ્રજાના સુખનો નાશ થતો અટકાવવા, સમગ્ર પ્રજાના ઉત્સાહનું આ કામ છે. જો હિન્દ પોતાની અજ્ઞાન નિદ્રાથી ઘેરાએલી આંખોને સ્વદેશ હિતરૂપી જળ છાંટી જાગ્રત કરે તો તેઓ તરતજ આ કાર્ય ઉપાડી લેવા સમર્થ થાય. બીજો ઉપાય આ કામ માટે છેજ નહિ.

છેવટ દેશ બંધુઓ પ્રત્યે મારી વિનંતી છે. કે—ગૌરક્ષણું કરવા માટે દઢતાથી સત્વર પ્રયત્ન આદરો. અલબત તેમાં કેટલુંક કષ્ટ સહન કરવું પડશે. કેટલાક મુર્ખ લોકો તમને નિરાશ કરશે તોપણ ડરશો નહિ ભલે સૂર્ય કદી પશ્ચિમમાં ઉગે, ભલે સમુદ્ર મર્યાદા મુકે, ભલે નદીઓ અવળી ચાલે પરંતુ તમારે તમારા ઉદયના નિયમનો ત્યાગ કરવો

નહિ. એજ ભારતની સ્થિતીનો ઉદય કરવાનો નેક માર્ગ છે. તે સિવાય બીજા લાખો ઉપાયથી પણ ભારતની સ્થિતી સુધરવાની આશા રાખવી એ બિલકુલ દમ વગરની છે.

દઢતા વિના કોઇ કામ પાર પડી શકતું નથી. માટે દરેક ભારત પુત્રે પોતે પોતાના સ્વધર્મનું અવલંબન કરી, તે પ્રમાણે દઢતાથી વર્તન કરી ભારતનું જીવન અને પ્રાણ ગાય માતાનું તન, મન અને ધન ખરચી બની શકે તેટલા પ્રયત્નની હદથી રક્ષણ કરી; દઢતાની સાથે પોતાના હિતના માર્ગો ઉપર યોગ્ય તરફ દ્રષ્ટી રાખી ચાલવું જેથી ભારતની પૂર્વ સમયની અદ્‌ભુત વિદ્યાઓ, કળા કૌશલ્યતાઓ વૈભવો અને સર્વ પ્રકારનાં સુખો તમારી દઢતા જોઇ, પ્રેમના ઉમળકાથી તમોને ભેટવાને તમારા સામાં ધસ્યાં આવી તમને પ્રેમથી ભેટશે. માટે એક ટેકે, એક ચિત્તે અને એક સંપે ગૌરક્ષણ કરો.

શાંતિ. શાંતિ. શાંતિ.

લેખકઃ—

જોશી મગનલાલ હરિશંકર વઢવાણકર.

કાલબાદેવી રોડ, કોલભાટ ગલ્લી, વાંકામોહલ્લા સામે,

શેઠ વાલજી શામજીના માળામાં રૂમ નંબર ૪.

મુંબઇ.